# શિક્ષક સાથે સંવાદ

## હસ્તલિખિત અંક

(૫મી સપ્ટેમ્બર, ૨૦૧૯)



## કૉલેજ ઑફ એજયુકેશન, ખરોડ

તા. અંક્લેશ્વરજિ. ભરુચ.

Date : / / Page :

સંવાદ માંગે
બે-ચાર શબ્દો

શબ્દો, વિચાર
અહીં થોડી ગુરુ, સંવાદ થયો છે
બોલવાની નહીં સાંભળવાની કળા.

સંવાદ આના ઓજસ, પ્રીત અને
સ્વીકાર અને
સમસ્યાના સમાધાન તરફ....

Date : / / Page :

૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૯

કૉલેજ ઑફ એજ્યુકેશન, બરોડના માં સ્થાપના પર્વ અને શિક્ષક ગૌરવદિન નિમિત્તે એસ. વાય. બી. એડ. ના પ્રશિક્ષણાર્થી દ્વારા તૈયાર કરાયેલ હસ્તલિખિત અંક- "શિક્ષક સાથે સંવાદ" આપ સમક્ષ રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

"शिक्षक कभी साधारण नहीं होता,
प्रलय और निर्माण उसकी गोदमें पलते है"

ચાણક્ય દ્વારા અપાયેલ આ ઉક્તિ શિક્ષકની વ્યાવસાયિક નિષ્ઠાની ખૂબ ઊંચી મહત્તા સ્થાપિત કરી આપે છે. ખરેખર શિક્ષકની ગરિમાને સલામ છે. ૫ મી સપ્ટેમ્બર એ ડૉ. ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિવસ. શિક્ષક ગૌરવદિનને યાદ કરતાં કરતાં હું મારા અભ્યાસકાળના મારા ગુરુઓને યાદ કરતી હતી. તે સમયને તરોતાજા કરતાં મને આવેલો એક વિચાર આ પ્રવૃત્તિનું નિમિત્ત બન્યું, અને થયું કે વિદ્યાર્થીઓના આદર્શ એવાં શિક્ષક સાથે પ્રશિક્ષણાર્થીઓ પોતાનો એક-બે કલાક સાથે તેમની સાથેની યાદો વાગોળે, વાતચીત કરે અને ભાવિશિક્ષક તરીકે પ્રશિક્ષણાર્થી તેમનામાંથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવે તેમજ તેમનામાં લેખન કૌશલ્ય પણ વિકસે એવાં આશય સાથે હસ્તલિખિત અંક - "શિક્ષક સાથે સંવાદ" તૈયાર કરવાની મથામણ આદરી.

પ્રથમ તો શિક્ષક સાથે વાતચીતમાં કેવા પ્રશ્નો પૂછવા કે જેના દ્વારા આપણે તેમની પાસેથી જરૂરી માહિતી, યાદગાર સંસ્મરણો અને શિક્ષક જીવનના સંઘર્ષો, પ્રેરણાદાયી વાતો મેળવી શકીએ. તેના સંદર્ભે ગ્રંથાલયમાં આવતાં પ્રચલિત અને શિક્ષણ વાચનને પીરસતું મેગેઝિન – "નવનીત સમર્પણ" માં આવતા જુદા જુદા વ્યક્તિવિશેષની મુલાકાતનું વાચન પ્રશિક્ષણાર્થીઓએ કર્યું. અને તેઓ દ્વારા જ સંવાદ કે વાતચીત માટેના પ્રશ્નો તૈયાર કર્યા. બધા વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સંકલન કરી પ્રશ્નો તૈયાર કર્યા. S.Y. B.Ed. ના અગ્યારેક પ્રશિક્ષણાર્થીઓએ પોતાના પ્રિય અને આદર્શરૂપ પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક કે કોલેજ કક્ષાના શિક્ષકોની પસંદગી કરી એક મુલાકાત હાથ ધરી. પ્રશિક્ષણાર્થીએ લીધેલી મુલાકાતને તેઓના સ્વ-હસ્તે લેખિત સ્વરૂપે રજૂ કરી. ઘણાં પ્રશિક્ષણાર્થીઓએ આ પ્રવૃત્તિથી આનંદ વ્યક્ત કર્યો. અને મુલાકાત દરમિયાન તેમનાજ પ્રિય શિક્ષકને મળવાના આનંદની અનુભૂતિ અનેરી હતી. સાથે મેળવેલા પ્રેરણા અને માર્ગદર્શન પણ અનોખા હતા. ઘણા શિક્ષકો ખુશીથી ગદ્ ગદ્ પણ થઈ ગયા હતા. એવું વિદ્યાર્થીઓનું કહેવું હતું. વિદ્યાર્થી દ્વારા રજૂ કરેલ સંવાદનો અભ્યાસ કરતાં કેટલાંક મુદ્દા અહીં રજૂ કર્યા છે.

• ઘણાં બધા શિક્ષકોએ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, સ્વામી વિવેકાનંદ, તેમજ તેમનાં જ અભ્યાસકાળના શિક્ષકને રોલ મોડેલ ગણાવ્યાં છે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકો પાસેથી પોતાની બુદ્ધિને પોષે એવું કંઈક મેળવવાની જીજ્ઞાસા રાખતાં હોય છે. શિક્ષકોના અધ્યાપન કાર્ય અને તેઓનાં આચરણમાંથી ઘણું શીખતો હોય છે. વિદ્યાર્થીને જે વ્યક્તિમાંથી તેની જીજ્ઞાસા વધુ સંતોષાય તેવા વ્યક્તિને તે રોલ મોડેલ તરીકે સ્થાપિત કરે છે. શિક્ષકનો ઉમદા વ્યવસાય સ્વીકાર્યો છે તો આવી પાત્રતા કેળવવી પડશે તો જ આપણે કોઈના રોલ મોડેલ બની શકીએ.

• ઘણાં બધાં શિક્ષકોએ ખાસ વાચન અંગે જે વાત રજૂ કરી તેના પરથી એવું જણાય છે કે વાંચન એ એમનો શોખ બનવો જોઈએ. પણ વાચન પ્રત્યેનો અભિગમ કેવો હોવો જોઈએ તે પ્રકારે એવું કંઈ જ જોવા મળતું નથી. પણ બે-ત્રણ શિક્ષક પોતાના વાચનને શિક્ષણકાર્યમાં સાંકળવાની વાત રજૂ કરી એ તેમની શિક્ષક વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા અંગેની અનુભૂતિ બતાવે છે.

• શિક્ષક તરીકે વિકસાવેલા આપના બે વિશેષ ગુણોમાં મોટા ભાગના શિક્ષકો શિસ્ત, નિયમિતતા, હકારાત્મક વલણ, મૈત્રીભાવ જેવા ગુણોને શિક્ષક વ્યવસાયમાં વિકસાવ્યા છે તે સારું છે. પણ

Date : / / Page :

શિક્ષક તરીકે સતત શીખતાં રહેવાનો ગુણ, ઇતર વાચન નો ગુણ, બાળકોના મનોવિજ્ઞાનને સમજવું એવો કોઈ વિશિષ્ટ ગુણ શિક્ષક તરીકે વિકસાવેલો જોવા ન મળ્યો.

• શિક્ષકના વ્યવસાયને સ્વીકાર્યા પછી મોટા ભાગના શિક્ષકો એ વ્યવસાય પ્રત્યે સંતુષ્ટિ બતાવી છે અને તેનું કારણ જીવન પ્રકૃતિ સાથે કાર્ય કરવાનું સૌભાગ્ય.

• પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, ICT નો શિક્ષણકાર્યમાં ઉપયોગ કરી શિક્ષણને રસપ્રદ બનાવવાની પ્રયત્ન સરાહનીય છે.

શિક્ષકનો વ્યવસાય સ્વીકાર કરવું એ જ એમનું આગવું લક્ષણ છે. પણ જ્યારે, શિક્ષકની મહત્તા તેમનાં જીવનમાં સ્થાપિત થાય તો બેશક તમે શ્રેષ્ઠ શિક્ષક બની શકશો.

હસ્તલિખિત અંક તૈયાર કરવામાં S.Y. B.Ed ના પ્રશિક્ષણાર્થી તેમજ આ મુલાકાત માટે પોતાનો સમય આપનાર તેમના પ્રિય શિક્ષક ભાઈ-બહેનનો હું અંતઃકરણથી આભાર વ્યક્ત કરું છું.

Date : / / Page :

સાથે જ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. પ્રવિણ માસ્ટર સર કે જેમણે આ પ્રવાસ માટે સંમતિ અને માર્ગદર્શન આપ્યા તે માટે તેમનો તેમજ કોલેજ પરિવારનો હૃદયથી ઋણ સ્વીકાર કરું છું.

કવિતા બી. રાઠવા
ગ્રંથપાલ
કોલેજ ઓફ એજ્યુકેશન, બરોડ.

# અનુક્રમણિકા


| ક્રમ. | મુલાકાત લેનાર પ્રશિક્ષણાર્થીઓ | મુલાકાતી શિક્ષક | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | પ્રજાપતિ હિતલબેન એસ. | જિજ્ઞેશભાઈ પટેલ | 1 |
| ૨. | માધવ પાયલબેન વી. | રમણભાઈ હડપતિ | 7 |
| ૩. | પટેલ દર્શનભાઈ એસ. | નયનાબેન કે. રાણા | 16 |
| ૪ | પઠાણ રૂબિનાબાનું એમ | જયેશકુમાર પી. પટેલ | 22 |
| ૫ | પટેલ ભૂમિકાબેન વી. | અશોકભાઈ બી. પટેલ | 28 |
| ૬ | રાઠોડ સરદારભાઈ આર. | ચંદ્રકાંત જે. ટંડેલ | 36 |
| ૭ | પટેલ રેખાબેન આર. | પ્રજાપતિ પ્રજ્ઞાબેન | 43 |
| ૮ | સુરમા શ્વેતાબેન એન. | ભૂમિકાબેન આર. ખેર | 51 |
| ૯ | સુથાર પાયલબેન વી. | ડૉ. અશોકભાઈ સી. પટેલ | 58 |

# ❖ શિક્ષક સાથે સંવાદ :-

✵ પ્રશ્નોત્તરી માટેના પ્રશ્નો :-

{1} તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મોડેલ કોણ છે ? શા માટે ?

{2} તમારો વાચન શોખ કેવો છે. કયાં પ્રકારનું વાચન કરવું ગમે છે ?

{3} શિક્ષક તરીકે તમારામાં તમે કયાં ગુણો વિકસાવ્યા છે ?

{4} સારા શિક્ષક બનવામાં તમને કયાં પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો ?

{5} તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની શકે

(6) તમારા મતે શિક્ષક એટલે શું ? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારો ?

(7) તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી પ્રવૃત્તિ કરતાં ?

(8) એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો.

(9) વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો

(10) એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો.

(11) તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો.

(12) તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવ જણાવો.

{13} તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું.

* **સૂચના :-**

પ્રિય વિદ્યાર્થી ભાઈઓ, બહેનો

(1) ઉપર જણાવેલ પ્રશ્નો દ્વારા તમારે તમારા કોઈ પ્રાઈમરી, સેકન્ડરી, કે કોલેજ કાલના આદર્શ તરીકે જોતા હોય એવાં એક શિક્ષકની મુલાકાત લેવાની છે.

{2} મુલાકાતમાં થયેલા સંવાદ / પ્રશ્નોત્તરી ને તમારે લેખિત સ્વરૂપે એટલે કે સંવાદ/ પ્રશ્નોત્તરી રૂપે રજૂ કરવાનો છે.

{3} શિક્ષકદિન નિમિત્તે આપણે આ પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. તેથી આ સંવાદ હસ્તલિખિત અંક તૈયાર કરવાનો છે. જેની ખાસ નોંધ લેશો.

〈4〉 આ લખાણ સુંદર અક્ષરે સાચી જોડણી સાથે પ્રોજેક્ટ પેપર પર લખીને તા. ૨૨/૦૬/૧૯ ને શનિવાર સુધીમાં કવિતાબેનને પહોંચતું કરવું.

〈5〉 લીસ્ટ પ્રમાણેના દરેક પ્રશિક્ષણાર્થીએ આ કાર્ય ફરજિયાત કરવાનું છે. આપ સૌના સહકારની અપેક્ષા છે. વાદી સિવાયના વિદ્યાર્થીઓ પણ આ કાર્યમાં જોડાઈ શકે છે.

〈1〉 કોન્ટ્રાક્ટર મિતુલ
〈2〉 તબસ્સુમ
〈3〉 ચૌધરી ભાવીની
〈4〉 રાઠોર સરદાર
〈5〉 સોલંકી દેવેન્દ્ર
〈6〉 ભદવ પાયલ
〈7〉 પટેલ રેખાબેન
〈8〉 સુથાર પાયલ
〈9〉 દૂધારા ફાતમા
〈10〉 પટેલ પિનલ
11〉 પઠાણ રુબિના
12〉 પટેલ હર્વીન
13〉 પટેલ હરેશા
14〉 પટેલ હેતલ
15〉 પ્રજાપતિ હેતલ
16〉 રેવર પિયુષા
17〉 સુરમા બ્રીતા

નામ :- પ્રજાપતિ હેતલ એમ.

રોલ નં :- 42 (દ્વિતીય વર્ષ)
(સેમેસ્ટર :- 3)

## ★ આદર્શ શિક્ષક સાથે સંવાદ ★

પ્રસ્તાવના :-
અમારી કૉલેજના સ્થાપના દિવસ અંતર્ગત અમોને અમારા આદર્શ શિક્ષકના ઇન્ટરવ્યુનું કાર્ય સોંપવામાં આવ્યુ હતું. અમારી કડાદરા એવી કૉલેજ ઑફ એજ્યુકેશન, અલોકનો 5 મી સપ્ટેમ્બર ના દિવસ સ્થાપના દિવસ છે. આ દિવસે હસ્ત લિખિત અંક બહાર પડે છે. આ વર્ષના હસ્ત લિખિત અંક માં શિક્ષકદિન નિમિત્તે શિક્ષકની મુલાકાત લઈને એમના સાથે વચેલી વાતચીતનો સંવાદ તૈયાર કરવાનું કાર્ય અમને સોંપવામાં આવ્યું છે.

આ પ્રવૃત્તિ હેઠળ હું એ મારા આદર્શ શિક્ષક એવા મારા

સર જિજ્ઞેશભાઈ પટેલ ની મુલાકાત લીધી હતી. તેમની સાથે થયેલા સંવાદ હું અહીં રજૂ કરું છું.

* પ્રશ્નો :-

{1} તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો. તમારું રોલ મોડલ કોણ છે ? શા માટે ?

→ સ્વામી વિવેકાનંદજી અને ગાંધીજી

→ ગાંધીજી નિર્ભયતાના વીર છે. અને સ્વામી વિવેકાનંદજી ચાતુર્ય સાથે સાદગી, વિનમ્રતાની સંદેશ આપે છે.

(2) તમારી વાંચન શોખ કેવો છે ? કયા પ્રકારનું વાંચન કરવું ગમે છે.

→ તેમનો વાંચન શોખ સફારી, વાર્તા, નવલકથાનો છે. જેમાંથી નવી શોધો અને બોધ મળતા હોય.

〈3〉 શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે ?

→ શિક્ષક તરીકે સતત શીખવાનો ગુણો વિકસાવવો જોઈએ. તેઓએ નમ્રતા, ઉત્સાહ અને ભળી જવાની ભાવના સાથે વિષય - વસ્તુનું ઉંડાણનો ગુણ વિકસાવ્યો છે.

〈4〉 સાચા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો ?

⇒ સાચા શિક્ષક બનવામાં માર્કસ અનુસારનું શિક્ષણએ સૌથી મોટો સંઘર્ષ છે.

〈5〉 તમારામાં રહેલી બે સારી વાતો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની રહે.

→ સંદર્ભગ્રંથોનો સતત ઉપયોગ અને વિશાળ શબ્દ ભંડોળ.

〈6〉 તમારા મતે શિક્ષણ એટલે શું ? આજના શિક્ષણના માહોલમાં તમે શું કરી શકો ? કોઈ સૂચના કે સુધારો ?

→ શિક્ષણ એટલે જીવન જીવતા શીખવનાર પાસું. આજના

→ આજના શિક્ષણમાં બાળકને ચંદ્ર સુધી પહોંચવા માટે તૈયાર કરી શકો.

→ માત્ર અભ્યાસક્રમમાંથી નીકળી ગયેલી વાર્તાની વાતો ખૂબ અઘરું બનાવે છે.

(7) તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરતાં ?

→ પ્રોજેક્ટર, દ્રશ્ય - શ્રાવ્ય સાધનોનો ઉપયોગ, નવી નવી શોધની માહિતી વિષયને રસપ્રદ બનાવે છે.

(8) એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો ?

→ શિક્ષક તરીકે સતત શીખતા રહેવાનું અને સાદગી ભરેલું જીવન પસંદ છે.

{9} વિદ્યાર્થી શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

→ શિક્ષક તરીકે, તેઓ બાળકના બીજા માતા પિતા સુધીનો હક મેળવે છે. તેથી બાળકના જીવનની જવાબદારી શિક્ષકની જ હોય છે. એમ માનવું છે.

{10} એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો ?

⇒ શિક્ષક તરીકે બાળકોને માત્ર વિષય-વસ્તુના જ્ઞાન સિવાય જીવનમાં વિષય-વસ્તુનો ઉપયોગ કરે એ સમજાવવું જરૂરી છે.

{11} તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો ?

→ હા, શિક્ષકના વ્યવસાયથી તેઓ ખૂબ જ સંતુષ્ટ છે. કારણ કે શિક્ષક એ જ માત્ર એવો વ્યવસાય છે જ્યાં સજીવો સાથે કામ કરવા મળે છે નહીં કે નિર્જીવ સાધનો સાથે.

(12) તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવો જણાવો.

→ તેમના બાળકો એમને જ્યારે પણ મળે ત્યારે પગે લાગે જ છે. અને કેટલાક બાળકો તો તેમની કારકીર્દિની એટલી ઊંચાઈ પર છે કે ત્યાં પહોંચીને પણ એમના શિક્ષકને એટલું જ માન આપે છે. આવી બધી જગ્યાએ જ્યાં વિદ્યાર્થીઓ મળે છે એ એમના દરેક જ યાદગાર અનુભવ છે.

(13) તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું ?

→ તેઓને બાળપણથી જ શિક્ષક પ્રત્યે ખૂબ આદર ભાવ હતો. કારણ કે શિક્ષકને મળતા આશીર્વાદ બાળકો માટે શિક્ષકની ઉપયોગિતા અને શિક્ષકનું કાર્ય કદાચ દરેક કાર્ય કરતા શ્રેષ્ઠ છે. આથી શિક્ષક થવાનું પસંદ કર્યું.

**શિક્ષકનું નામ** :→ રમણભાઈ હડપતિ

**શૈક્ષણિક લાયકાત** :→ B.A, M.A, B.Ed with Psychology.

**શાળાનું નામ** :→ શ્રીમતી વી.કે. ઝવેરી સાધના વિદ્યાલય, ભરૂચ

શિસ્તનો આગ્રહી બને તે શિક્ષક, વિદ્યાર્થીઓ માટે પ્રેરક અને કલાકાર બને તે શિક્ષક. શિક્ષક એ વ્યક્તિ છે જે અન્યોને શાળાકીય શિક્ષણ પૂરું પાડે છે. એક એકલા વિદ્યાર્થીને શિક્ષણની સુવિધા આપનાર શિક્ષકને વ્યક્તિગત શિક્ષક પણ કહી શકાય. શિક્ષકો વાંચન લેખન અને સંખ્યા-જ્ઞાન, કે અમુક અન્ય શાળાના વિષયો શીખવી શકે. ગુરુને આપણે ઈશ્વર કરતાં પણ મોટા ગણ્યા છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સાથે આપણે ગુરુની પણ સરખામણી કરી છે. ઈતિહાસ ગવાહ છે કે ગુરુએ વ્યક્તિઘડતરમાં ખૂબ ફાળો આપ્યો છે. સમયાંતરે ગુરુમાંથી માસ્ટર, શિક્ષક અને ટીચર એવાં નામો બદલાતાં રહ્યાં છે પણ એની મહિમા અને કાર્ય નથી બદલાયું. હજુ આજે પણ શિક્ષક યાને કે ટીચરના હાથમાં સમાજની ધુરા રહેલી છે. શિક્ષક વિદ્યાર્થીનો સાચો માર્ગદર્શક છે.

"શિક્ષક એટલે વિદ્યાર્થીની 100 ભૂલો
પછી પણ 101 મી ભૂલ સ્વીકારવા માટે
તૈયાર રહેતો વ્યક્તિ."

# શિક્ષક સાથેનો સંવાદ

પ્રશ્નકર્તા :→ ભટ્ટ પાયલબેન વી. (હું)

પ્રશ્નનાં ઉત્તર આપનાર :→ રમણભાઈ હડપતિ

શિક્ષક સાથેની મારી વાતચીત સંવાદ સ્વરૂપે.

**પ્રશ્નકર્તા :-** તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મોડેલ કોણ છે? શા માટે?

**રમણ સર :-** કે.જે. આર. પરમાર સર એસ.પી. યુનિવર્સિટી ના HOD હેડ, જેઓ Psychology માં નિષ્ણાંત હતાં. તેઓની ભણાવાની પદ્ધતિ, ભાષા-શૈલી અને વિષય ઉપરની તેમની પકડના કારણે......

**પ્રશ્નકર્તા :-** તમારો વાચન શોખ કેવો છે? ક્યાં પ્રકારનું વાચન કરવું ગમે છે?

**રમણ સર :-** મને ક્યારેય વાચવામાં આળસ આવતી નથી. મને આધ્યાત્મિક પુસ્તકો, વિદ્યાર્થીની સફળતા માટેના પાઠ્ય પુસ્તકો, ટીગા વિશેષ કરીને શિક્ષણ અને ટીગ

पुस्तक, शिक्षणने लगतुं वाचन, बाळकोनी आरोग्यना
मळी लेवा पाठ्य पुस्तको वाचवा पसंद छे. तेमां
केटलांक पुस्तको जेवा के, 'थाली, सफळ थईशो!',
'सफळता मनना गजब मागवी', 'व्यक्ति विकास',
'सफळताना सोनेरी चावी' वगेरे मारा मनपसंद
पुस्तको छे.

**प्रश्नकर्ता :→** शिक्षक तरीके तमारामां तमे कयां गुणो विकसाव्या छे?

**रमण सर :→** एक शिक्षक तरीके समायोजन, शांत स्वभाव, कुशळता, स्पर्धात्मक गुणो, बीजाने सारी रीते समजवानो, बीजाने मददरूप थवानुं, नेतृत्व करवानो, समयपालनना गुणो विकसाव्यां छे.

**प्रश्नकर्ता :→** सारा शिक्षक बनवामां तमने कयां प्रकारनो संघर्ष करवो पड्यो?

**रमण सर :→** ज्यारे हुं 2003 मां नवो-नवो शिक्षक तरीके जोडायो. त्यारे मारे सौथी मोटो संघर्ष हतो. दरेक साथे मेळ करवो. दरेक मने दरेक कार्य थी दूर राखतां. कोई बोलावे नहीं. व्यायार्थ पण सारी वात ना करे. केटलीवार तो मारा शिक्षणकार्य

દરમિયાન ચાલુ ક્લાસમાં આવી વિદ્યાર્થીઓની હાજરીમાં ગુસ્સો કરતાં હતાં. તેઓની નજરમાં ઉપર આવવું એ મારી સૌથી મોટો સંઘર્ષ હતો. જ્યારથી NSS ના કાર્યમાં જોડાયો ત્યારથી આજે આચાર્ય થી લઈને મેનેજમેન્ટ સુધી મારી પ્રસંશાઓ થઈ રહી છે.

નબળતા :-> તમારામાં રહેલી એ સારી વાતો / લક્ષણો જણાવો કે જે આમારા માટે પ્રેરણારૂપ બની શકે.

ણ સર :-> 1) જે કામ હાથધર્યું હોય એ આજને આજે જ પૂર્ણ કરવું. આવતીકાલે કે વર્તમાનમાં જીવો. કોઈપણ કાર્ય કાલ પર ના છોડવું જોઈએ.
2) નિયમિત વાચન કરતું રહેવું જોઈએ.
- જાગ્યા ત્યારથી સવાર.
3) શિક્ષકે નિરંતર શીખતું રહેવું જોઈએ.

નબળતા :-> તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કરી શકો? કોઈ સૂચન કે સુધારો?

ણર :-> આજનું શિક્ષણ ટેક્નોલોજીકલ થઈ રહ્યું છે. આજના બાળકો ટેક્નોલોજીના ઉપયોગથી અભ્યાસ કરે છે. અને શિક્ષક પાસે પણ નવી નવી ટેક્નોલોજીનું જ્ઞાન

હોવું જોઈએ. વિષયવસ્તુ પર યોગ્ય પકડ હોવી જોઈએ. રાજકારણ માટે શિક્ષણ હોવું જોઈએ. પણ શિક્ષણમાં રાજકારણ ના આવવું જોઈએ.

પ્રશ્નકર્તા :→ તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરતા?

રમણ સર :→ વાચન, વિષયવસ્તુની પકડ, પહેલા પોતે (સ્વયમ્) સમજ પ્રાપ્ત કરવી, પ્રોજેક્ટર દ્વારા શિક્ષણકાર્ય કરાવી. નોટ્સ તૈયાર કરી, જુદાં જુદાં સાધનોનો ઉપયોગ કરી, નવી પદ્ધતિથી શિક્ષણ કરાવી. જુદી જુદી શાળાના પેપરો મંગાવી શીખવવા, બીજા વિષયો સાથે અનુબંધ બાંધીને કાર્ય કરતો.

પ્રશ્નકર્તા :→ એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો?

રમણ સર :→ એક શિક્ષક તરીકે સાદું, સરળ અને ઉચ્ચ વિચારોવાળું જીવન જીવવાનું પસંદ છે.

પ્રશ્નકર્તા :→ વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેની તમારી અનુભવ જણાવો.

3) રમણસર :→ દરેક વિદ્યાર્થી આચાર સુધી સારાં જ મળ્યાં છે. દરેક સાથે મિત્રતા જેવા સંબંધ રહ્યા છે. આજે પણ

Page 12

Date

આમ ઘણાં વિદ્યાર્થીઓ [illegible] દુઃખ [illegible] છે. [illegible] પ્રોફેસર, ટીચર, [illegible] છે. [illegible] છે. [illegible] છે.

પ્રશ્નો :- [illegible]

[illegible] :- [illegible]

પ્રશ્નો :- [illegible]

[illegible]

પ્રશ્નકર્તા :→ તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યનાં યાદગાર અનુભવ જણાવો.

રમણ સર :→ મારા શિક્ષણ કાર્યનાં યાદગાર અનુભવો વર્ષ 2013, 2014, 2015 નું બોર્ડનું પરિણામ. આ વર્ષોમાં 100 % પરિણામ મારા વિષયમાં આવ્યું હતું. 2013 માં એક વિદ્યાર્થીના Psychology માં 100 માંથી 100 આવ્યાં હતાં. વર્ષ 2014ની બેચ જેમાં તમે લીધી હતી તે વખતનું પરિણામ પણ મારા માટે યાદગાર હતું. તત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનમાં બાળકોના માર્ક્સ બીજા વિષયો કરતાં પણ વધારે આવ્યાં હતાં. 98, 91 જેવા બાળકો માર્ક્સ લાવ્યાં હતાં.

પ્રશ્નકર્તા :→ તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું?

રમણ સર :→ જ્યારે હું ધોરણ - 3 માં અભ્યાસ કરતો હતો. ત્યારે PTC વાળા બહેનો અમારી શાળામાં પાઠ આપવા આવતાં હતાં. તેઓને જોઈને મનમાં નિશ્ચય કર્યો હતો કે બનવું તો શિક્ષક જ બનવું. વાચનના કારણે પણ આ વ્યવસાયની પસંદગી કરી હતી.

પ્રશ્નકર્તા :-> અભ્યાસ દરમ્યાનમાં તમારાં સંઘર્ષો જણાવી.

રમણસર :-> ઘણી નાની ઉંમરમાં જ પિતાની સાથ છૂટી ગયો હતો. માતાએ જ ભણાવ્યા છે. જ્યારે વિદ્યાનગર અભ્યાસ માટે જવાનું થયું, ત્યારે ત્યાં વેકેશનમાં વિદ્યાર્થીઓ ઘરે ગઈ ત્યારે હું ત્યાં ૪ થી ॥ વાગ્યા ના સમયગાળામાં દૂધ વેચવાનું કામ કરતો. અને પૈસા ભેગા કરતો. અને તે પૈસાનો ઉપયોગ અભ્યાસમાં લગાવી. માતાનો થોડો ભાર ઓછો કરવાનો પ્રયત્ન કરતો રહેતો. ત્યાં હોસ્ટેલમાં રહેવાનું એટલે દરેક કાર્ય જાતે જ કરવાની આદત પડી. જમવાનું પણ જાતે બનાવતા. નાના- મોટાં કામો કરી અભ્યાસ પૂર્ણ કર્યો.

સારાંશ :-> (મારો અનુભવ) :-> ઉપયુક્ત સંવાદ દરમિયાન રમણસરના શિક્ષક થવાના તેઓના સંઘર્ષો જાણી. દરેક પરિસ્થિતિનો સામનો કરવાની પ્રેરણા મળી. વાચન હંમેશા ચાલુ રાખવું જોઈએ. જ્યારે હું મુલાકાત અર્થે તેઓની મુલાકાતે ગઈ હતી ત્યારે પણ સર વાચન કરી રહ્યા હતા. સામાજિક વિજ્ઞાનના શિક્ષકના હોવાને કારણે શાળામાં સરને સામાજિક વિજ્ઞાનનો વિષય ભણાવવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. આથી તેઓ આ નવા વિષય માટે અલગ- અલગ પુસ્તકોમાંથી વાંચી પોતાનું

આપણા મટીરીયલ તૈયાર કરી રહ્યાં હતાં. તેઓની પાસેથી શીખવા મળ્યું કે દરેક કાર્ય આપણે કરવા જોઈએ. ભલે આપણે આપણાં વિષય બહારનું કામ સોંપવામાં આવે તેને હકારાત્મક રીતે સ્વીકારતા રહેવું જોઈએ. શાંત સ્વભાવ રાખવો જોઈએ. કોઈ ગુસ્સો અપાવવાનો પ્રયત્ન કરે તો પણ આપણે આપણો માનસિક કાબૂ ન ગુમાવવો જોઈએ. કોઈપણ કામ કાલ પર છોડવા કરતાં તરત જ પૂર્ણ કરવું જોઈએ.

"કાલ કરે સો આજ કર,
આજ કરે સો અબ."

"શિક્ષક એટલે ..... એક સૂરીલું
સંગીત ..... મધુરું હૂંફાળું
સ્મિત ..... વિદ્યાર્થીઓ નો સાચો
મિત્ર."

નામ :→ ભટ્ટ પાયલબેન વી.
રો.નં :→ 14
વર્ગ :→ S.Y. B.Ed Sem-3
અધ્યાપન પદ્ધતિ :→ 1) હિન્દી
2) ગુજરાતી

કર્યો.

શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યાં છો, તમારું રોલ
કોણ છે? શા માટે?
પ્રશ્નનાં ઉત્તરમાં તેમણે કહ્યું કે, તેમનાં રોલ મોડેલ
જ એક શિક્ષક જેમનું શુભ નામ અમરાવાહી સર છે.
અમરાવાહી સરની પાસે ગણિતનાં ટ્યુશન માટે જતાં
ત્યાંની ગણિત શીખવાડવાની સરળ પદ્ધતિ અને પ્રેમાળ
ને કારણે તેઓ તેમનાં રોલ મોડેલ માન્યાં. તેઓનાં
ગુણો નયનાબેન પોતે અપનાવી પણ રહ્યાં છે.

વાંચન શોખ કેવો છે? કયાં પ્રકારનું વાંચન કરવું
છે?
જણાવ્યું કે, તેમને બાળપણથી જ વાંચનનો ખૂબ
ખ છે. બાળપણમાં તેઓને વાર્તાઓ ખૂબ જ પ્રિય હતી
દ શિક્ષકક્ષેત્રે જોડાયાં બાદ આધ્યાત્મિક જ્ઞાન મેળવવાં
યાં. હાલમાં તેઓ આધ્યાત્મિક પુસ્તકો અને શિક્ષણમાં
પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે. સાથે-સાથે તેઓ -
ની પુસ્તકો અને ધર્મને લગતાં પુસ્તકો વાંચવાનો પણ
ખ છે. તેમણે હાલમાં જ વાંચેલ એક પુસ્તક વિશે
રી જે તેઓને ખૂબ જ ગમ્યું. આ પુસ્તકનું નામ છે
સિદ્ધાંત'. આ પુસ્તકનો સાર આપતાં જણાવ્યું કે
ફળ આપણને મળે છે. બે પ્રકારનાં કર્મફળ વિ
ાત કરી: (1) પાપકર્મ અને (2) પુણ્યકર્મ. તેમણે
કહ્યું કે, પાપકર્મનું ફળ અને પુણ્યકર્મનું ફળ
અલગ જ મળે છે. પાપકર્મ કર્યા બાદ પુણ્યકર્મ
પકર્મનાં ફળથી છટકી શકાતું નથી. તેમને પૂછતાં તે
હે છે કે, તેઓ 'કર્મનાં સિદ્ધાંત'માં માને છે. તે
પણ શ્રદ્ધા રાખે છે. ઉપરોક્ત સમાજમાં રહેલી માન્ય

## શિક્ષકની મુ

શિક્ષિકાનું નામ : નયનાબેન કલ્પેશભાઈ શાહ।

શાળાનું નામ : શ્રીમતી એમ.ટી. એમ શાહ ગર્લ્સ હાઈસ્કૂલ, અંકલેશ્વ

અમારી કોલેજ દ્વારા શિક્ષણદિનની ઉજવણીનાં ભાગરૂપે દર વર્ષે એક હસ્તલિખિત ગ્રંથ તૈયાર કરવામાં આવે છે. તે અંતર્ગત આ વર્ષ દરમિયાન હસ્તલિખિત ગ્રંથ નો વિષય " અને આદર્શ તરીકે મેળાં હોય એવાં એક શિક્ષકની મુલાકાત લઇ તેને સંવાદ / પ્રશ્નોત્તરી સ્વરૂપે રજૂઆત" આપવામાં આવ્યો. મારાં વિદ્યાર્થી જીવનકાળ દરમિયાન મને આદર્શ શિક્ષકો તો ન થ પરંતુ હાલમાં ચાલી રહેલી ઇન્ટર્નશીપ દરમિયાન જ શ્રીમતી એમ.ટી. એમ. શાહ શાળાનાં શિક્ષિકા આદરણીય નયનાબેન શા સાથે મુલાકાત થઇ. તેઓ અહીં વિજ્ઞાન અને ગણિત વિષ શિક્ષિકા છે. તેઓની શૈક્ષણિક લાયકાત M.Sc, B.Ed છે. તેઓ અહીં 12 વર્ષથી સેવા આપી રહ્યાં છે. મારાં જીવનકાળ દરમિયાન જે આદર્શ શિક્ષકની શોધમાં હું હતી તે આટલાં વર્ષો બાદ મને મળી ગયાં. તેઓનો શાંત સ્વભાવ, શાલીનતા, ચોકસાઈ, પ્રેમાળ, વિદ્યાર્થીપ્રેમી વ્યક્તિત્વ, વફાદારી, સહકારની ભાવના, મદદની ભાવના જેવાં ગુણો મારાં હૃદયમાં સ્થાન કરી ગયાં. તેથી જ આ વિષય અંતર્ગત મેં તેમની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. તે માટે હું એ તેમની પાસે પરવાનગી માંગી કે તેમણે ખુશીથી આપી.

મુલાકાત લેતાં પહેલાં મારાં મનમાં ઘણાં બધાં વિચારો ચાલી રહ્યાં હતાં. કોઇની પણ સાથે મારી આ પ્રથમ વ્યક્તિગ મુલાકાત હતી. મારાં મનમાં પ્રશ્ન હતો કે મુલાકાત કેવી ર રહેશે. અંતે તારીખ ૨૪, ઓગષ્ટ, ૨૦૧૫ ના રોજ મુલાકાતનો સમય આવી ગયો. નયનાબેનએ મને સારી રીતે આવકાર આપ્યો. અમે સૌપ્રથમ સામાન્ય વાતની ચા ની સાથે મજા માણી. ધીરે - ધીરે અમે એકબીજાથી સારાં એવાં પરિચિત થ ગયાં. આમ, આ પછી મને લાગ્યું કે હવે આ સમ બરાબર લાગે છે તેથી મેં તેમને પ્રથમ પ્રશ્ન તેમની આ

રહ્યું હતું.

તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યાં છો, તમારું રોલ મોડેલ કોણ છે? શા માટે?

આ પ્રશ્નનાં ઉત્તરમાં તેમણે કહ્યું કે, તેમનાં રોલ મોડેલ તેમનાં જ એક શિક્ષક જેમનું શુભ નામ અમરાવાદી સર છે. તેઓ અમરાવાદી સરની પાસે ગણિતનાં ટ્યુશન માટે જતાં હતાં. સરની ગણિત શીખવાડવાની સરળ પદ્ધતિ અને પ્રેમાળ સ્વભાવને કારણે તેઓ તેમનાં રોલ મોડેલ માન્યાં. તેઓનાં આજ ગુણો જીવનમાં પોતે અપનાવી ચાલ રહ્યાં છે.

તમારો વાંચન શોખ કેવો છે? કયાં પ્રકારનું વાંચન કરવું ગમે છે?

તેમણે જણાવ્યું કે, તેમને બાળપણથી જ વાંચનનો ખૂબ જ શોખ છે. બાળપણમાં તેઓને વાર્તાઓ ખૂબ જ પ્રિય હતી. ત્યારબાદ શિક્ષણક્ષેત્રે જોડાયાં બાદ આધ્યાત્મિક જ્ઞાન મેળવવાં તરફ વળ્યાં. હાલમાં તેઓ આધ્યાત્મિક પુસ્તકો અને શિક્ષણમાં ઉપયોગી પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે. સાથે-સાથે તેઓ પ્રેરણાદાયી પુસ્તકો અને ધર્મને લગતાં પુસ્તકો વાંચવાનો ખૂબ શોખ ધરાવે છે. તેમણે હાલમાં જ વાંચેલ એક પુસ્તક વિશે વાત કરી જે તેઓને ખૂબ જ ગમ્યું. આ પુસ્તકનું નામ છે "કર્મનો સિદ્ધાંત". આ પુસ્તકનો સાર આપતાં જણાવ્યું કે કર્મનું જ ફળ આપણને મળે છે. બે પ્રકારનાં કર્મફળ વિશે તેમણે વાત કરી: (1) પાપકર્મ અને (2) પુણ્યકર્મ. તેમણે આગળ કહ્યું કે, પાપકર્મનું ફળ અને પુણ્યકર્મનું ફળ અલગ-અલગ જ મળે છે. પાપકર્મ કર્યાં બાદ પુણ્યકર્મ કરે તો પાપકર્મનાં ફળથી છટકી શકાતું નથી. તેમણે મુદ્દાં વિ આગળ કહે છે કે, તેઓ 'કર્મનાં સિદ્ધાંત' માં માને છે. તેઓ ઈશ્વરમાં પણ શ્રદ્ધા રાખે છે. ઉપરાંત સમાજમાં ચાલતી માન્યતા

અને ઠકિયો પાછળનાં વૈજ્ઞાનિક કારણો પણ તેમણે જણાવ્યો.

શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે?
તેમણે આ પ્રશ્નનો ઉત્તર હાસ્ય સાથે આપતાં કહ્યું કે, મારાં ગુણો હું પોતે ના કહી શકું. મારી વિશેષતાઓ બીજા લોકો જ જણાવી શકે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ મારાં ગુણો બહાર લાવે. કોઇક આપણાં વિશે સારું બોલતું હોય તો કોઇક ખરાબ બોલતું હોય. આજનાં આ જમાનામાં જ્યારે લોકો દરેક વ્યક્તિએ પોતાનાં માં રહેલાં સારાં ગુણોનો દેખાવો કરવાનોંથી ફુરસદ નથી. ત્યારે તેમનો આ ઉત્તર સાંભળીને મેમ માટેનું માન વધારે વધી ગયું.

સારાં શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો? તેઓ કહે છે કે, તેમને અહીં સુધી પહોંચવામાં આર્થિક સ્થિતિ નડતરરૂપ ક્યારેય નથી બની, કારણ કે, તેઓનાં પિતા ONGC જેવી કંપની માં સારી એવી પોસ્ટ પર હતાં. પરંતુ તેમણે તે સમયે સમાજની માનસિકતા સામે ઝઝૂમવું પડ્યું. એમ.એસ.સી બાદ તેમનાં માતા-પિતાએ તેમને આગળ ભણવાનું (અભ્યાસ) માટે ના પાડી. પરંતુ પોતાની જીદ પર તેઓએ આગળનો અભ્યાસ પૂર્ણ કર્યો. તે સમયે તેમના મિત્રોએ પણ તેમને ખૂબ સાથ-સહકાર આપ્યો.

તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારાં માટે પ્રેરણારૂપ બની રહે.
(i) આપણાં વ્યવસાય સાથે વફાદાર રહેવું.
(ii) ગણિત વિષયનાં શિક્ષક તરીકે વિદ્યાર્થીઓનો પાયો હંમેશા મજબૂત કરાવવો. પ્રવૃત્તિઓ અને ICT નો ભરપૂર ઉપયોગ કરવો. હંમેશા વિદ્યાર્થીપ્રેમી શિક્ષક બનવું.

તમારાં મતે શિક્ષણ એટલે શું ? આજનાં શિક્ષણનાં માહોલ વિશે તમે શું કહી શકો ? કોઈ સૂચન કે સુધારો ?

→ તેમણે જણાવ્યું કે, શિક્ષણ એટલે માત્ર પુસ્તકનું જ જ્ઞાન નહીં પરંતુ વિદ્યાર્થીને વ્યવહારમાં ઉપયોગી નીવડે તેવું જ્ઞાન. આજનો શિક્ષણનો માહોલ તદ્દન બદલી ગયો છે. બાળકો સોશિયલ મિડિયામાંથી બહાર જ નથી નીકળતાં. તેમને અભ્યાસમાં રસ જ નથી રહ્યો. તો આ અવસ્થાને દૂર કરવાનાં પ્રયત્નો હું કરું છું. તથા હું દરેકને આ સૂચન જરૂરથી કરું છું. ઉપરાંત શિક્ષણવ્યવસ્થામાંથી રાજકારણની નાબૂદી જરૂરી છે.

તમારાં વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવાં માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરતાં ?

→ તેઓ વર્ગમાં હંમેશા સરળ ભાષાનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. ઉપરાંત રોજબરોજની બનતી ઘટનાઓ પણ વર્ગખંડમાં શેર કરે છે. વાર્તાઓ દ્વારાં વર્ગખંડનો માહોલ હળવો કરે છે. ICT નો પણ અતિ એવો ઉપયોગ તેઓ કરતાં હોય છે, વિજ્ઞાનમાં આવતી પ્રવૃત્તિઓ અને પ્રયોગ વર્ગખંડમાં કરાવતાં હોય છે. આમ, તેઓ તેમનાં અધ્યાપન કાર્યને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કરે છે.

એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવાં કાર્યો કરવાં ઇચ્છો છો ?

→ તેઓ માને છે કે, સમાજમાં ઊભી થતી અવ્યવસ્થાઓને તેઓને સમજાવીને એ દૂર કરી શકીએ તો શિક્ષક થયું સાર્થક ઉપરાંત દર વર્ષે તેમની શાળામાં આવતી વિદ્યાર્થીનીઓને આર્થિક રીતે પણ તેઓ મદદ કરે છે. તેઓ મહિલા શિક્ષણ પર ખૂબ વધુ ભાર મૂકે છે, તેથી તેમની શાળા માત્ર ગર્લ્સ સ્કૂલ તેમનાં પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થાય છે. અને વિદ્યાર્થીનીઓ અને તેઓનાં વાલીઓને પણ હંમેશા પ્રોત્સાહન પૂરું પાડવાનો અથાગ પ્રયાસ કરે છે.

) વિદ્યાર્થી-શિક્ષકનાં સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.
> તેઓ કહે છે કે એવાં ઘણાં પ્રસંગો બન્યા છે. કે જ્યારે વર્ગો કરવા જતાં તો સમય ઓછો પડે. તેમણે એક વિદ્યાર્થી ચિરાગ પટેલનું નામ લીધું કે હાલમાં વ્યવસાયે ડોક્ટર છે. તેઓ જણાવે છે કે જુના અને નવાં બંને વિદ્યાર્થીઓ તરફથી ભરપૂર માન-સન્માન અને પ્રેમની હંમેશા વર્ષા થતી જ રહે છે. તેઓને તેમનાં વિદ્યાર્થીઓ પર હંમેશા ગર્વનો અનુભવ થાય છે.

) એક શિક્ષક તરીકે તમે કેવું બનવાનું પસંદ કરશો?
> આ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવે છે કે, એક શિક્ષક તરીકે તેમને આદર્શવાળું બનવાનું જ પસંદ છે. તેમને મ્યુઝિક અને સિંગિંગ નો શોખ છે. તેમણે અમને દેશભક્તિ ગીત 'એ મેરે વતન કે લોગો' મધુર અવાજમાં સંભળાવ્યું. એક શિક્ષકમાં આટલી બધી પ્રતિભાઓ જોઈને આશ્ચર્ય જ થઈ જવાય.

1) તમારાં શિક્ષક તરીકેનાં વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?
> તેઓ શિક્ષકનાં વ્યવસાયથી ખૂબ જ સંતુષ્ટ છે. તેમણે આનાથી વધુ કંઈ પણ નથી મેળવવું. તેમનો માત્ર એક જ ધ્યેય છે કે વિદ્યાર્થીનીઓને જ્ઞાન આપવું અને તેમનાં હૃદયમાં આપણું નામ હંમેશા અંકિત થઈ જાય તેવું કામ કરવું.

તમારાં અત્યાર સુધીનાં શિક્ષણ કાર્યનાં યાદગાર અનુભવ જણાવો.
તેઓ એક અનુભવ જણાવતાં કહે છે કે, તેઓને પરિસ્થિતિ વશ એસ.એસ.સી નાં પરીક્ષા દરમિયાન તેમની જ બાળાઓનાં વર્ગખંડમાં સુપરવિઝન માટે જવાનું થયું. ત્યારે તેઓએ તેમની વિદ્યાર્થીનીને પૂછ્યું કેવું સરળ છે પેપર? ત્યારે તેમની વિદ્યાર્થીનીએ જવાબ આપ્યો કે, મેડમ બસ તો તમે જ બોર્ડ પર કરાવ

હતું. શીખવાડ્યું હતું એ જ યાદ આવે છે અને તે જ વાળાં આપ્યું છું. ત્યારે તેઓ કહે છે કે, મારું શિક્ષણકાર્ય સફળ રહ્યું.

3) તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું ?

~~જવાબ ઉત્તર~~ ઉત્તમ ભાઈ મને થોડો અચકાયા પણ ખરા. આ પ્રશ્નનો તેઓ જણાવે છે કે, તેમને શિક્ષક તો થવું જ નહોતું તેમને ડૉક્ટર બનવું હતું પરંતુ પણ સંજોગોવશ તે ન થઈ શક્યું. ત્યારબાદ શિક્ષણનાં વ્યવસાયમાં જોડાયાં તે પછી સંપૂર્ણ ધ્યાન શિક્ષક બનવામાં જ આપ્યું. પરંતુ તેઓ ડૉક્ટર નથી અને શિક્ષક છે તેનાથી બહુ ખુશ છે. તેઓ ડૉક્ટરને બીજા ભગવાન અને શિક્ષકને બીજા મા-બાપ જ માને છે.

આ પ્રશ્નો બાદ તેમણે વાતો થોડી જ કરી અને અંતે તો તેઓની આંખો પણ ભીની થઈ ગઈ. તેઓએ તેમનાં સહમિત્રો અને આચાર્યની ખૂબ પ્રશંસા કરી. તેઓ ભીની આંખે બધાનો જ આભાર માન્યો જેમણે તેમનો સાથ દરેક તબક્કામાં ભાગ ભજવ્યો.

સાથે જ એક શિક્ષકનાં આચાર્ય બે શબ્દો રૂપે કહ્યાં. તેમની શાલીનતા એ તેમનાં ચરિત્રનું જ રૂપ છે. તેઓનું દરેક સાથેનું વર્તન ખૂબ જ વિવેકસભર છે. તેઓ દરેકને માન આપે છે. આજની આ મુલાકાત મારાં માટે યાદગાર બની રહી. આ મુલાકાતથી ઘણું બધું શીખવા મળ્યું જે ભવિષ્યમાં ઉપયોગી બનશે. અંતે હું નવનાવિન શાળાનો હૃદયપૂર્વક આભાર માનું છું કે તેમણે મને સહકાર આપ્યો, અને કોલેજ પરિવારનો પણ આ પ્રવૃત્તિ કરાવવા માટે દિલથી આભાર વ્યક્ત કરું છું

- હર્ષિલકુમાર એમ. પટેલ
(S.Y B.Ed)
- Roll No. 38

નામ:-પઠાણ રુબિના એમ. (23)
રોલ નંબર:-33

## શિક્ષક સાથે સંવાદ

મારા આદર્શ શિક્ષક પટેલ જયેશકુમાર પરસોત્તમભાઈ છે. અને તેમની સાથે થયેલો સંવાદ મેં અહીં રજૂ કર્યો છે.

1) વિદ્યાર્થી:- તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો? તમારું રોલમોડેલ કોણ છે? શા માટે?

શિક્ષક:- મારું રોલમોડેલ મારા પ્રમાણિક પ્રાથમિક શિક્ષકો અને મારી પરિસ્થિતિ છે. કારણકે મારું રોલમોડેલ આટલા માટે આને માનું છું. મારા પ્રાથમિક અભ્યાસ દરમિયાન શિક્ષકના વ્યવસાય સિવાય બીજા કોઈપણ વ્યવસાયથી હું અજાણ હતો. તેમજ શિક્ષકો તરફથી હંમેશા મને સહાનુભૂતિ, પ્રેમ અને હૂંફ મળતી રહી તેમજ શિક્ષકનો વ્યવસાય પવિત્ર અને પરોપકારી હોય છે. મારા ગુરુજનો મારી પરિસ્થિતિથી વાકેફ હતા તેથી હંમેશા તેમણે મને માર્ગદર્શન આપ્યું જ્યાં જરૂર પડી ત્યાં આર્થિક મદદ કરી. પરિણામે આનું કારણ મારી પરિસ્થિતિ, અને ગુરુજનોના કારણે આજે હું એક સારો શિક્ષક અને એક સારો માણસ બની શક્યો છું તેથી મારુ રોલમોડેલ મારી પરિસ્થિતિ અને મારા ગુરુજનો છે.

2) વિદ્યાર્થી:- તમારો વાંચન શોખ કેવો છે? તમને કયા પ્રકારનું વાંચન કરવું ગમે છે?

શિક્ષક:- હું નિયમિત કંઈને કંઈક વાંચતો રહું છું પરંતુ મને વધુ પ્રમાણમાં ધાર્મિક ગ્રંથો વાંચવા ગમે છે

કારણકે ભુવનમાં જરી તમામ પ્રકારનું જ્ઞાન ધાર્મિક ગ્રંથોમાંથી મળે છે.

(3) વિદ્યાર્થી :- એક શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે.

શિક્ષક :— શિક્ષક તરીકે મારામાં શિક્ષક શબ્દનો અર્થ
શિ = શિસ્ત
ક્ષ = ક્ષમા
ક = કલા નો ગુણ વિકસાવ્યો છે. અને હું માનું છું કે આ ત્રણ ગુણ પર શિક્ષકનું અસ્તિત્વ હોય છે.

(4) વિદ્યાર્થી :— સારા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો ?

શિક્ષક :— શિક્ષક બનવું એ સામાન્ય બાબત છે. તે અભ્યાસથી બની શકાય. પરંતુ એક સારા શિક્ષક બનવું કઠિન છે. તે તો સારા મુલ્યો વિકસાવવાથી બની શકાય.
→ સારા શિક્ષક બનવા બીજાની ભાવનાની કદર કરવી, દરેકના મનને સમજવું, ભલું કરવાની ભાવના, પ્રમાણિકતા, દરેક બાળકના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવું, સમય અને શક્તિનો યોગ્ય સમયે યોગ્ય ઉપયોગ કરવો, આ બધી બાબતોને પ્રસ્થાપિત કરવા માટે સંઘર્ષ કરવો પડે.

(5) વિદ્યાર્થી :- તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની શકે?

શિક્ષક :- (1) હું કોઈપણ કામ કાલ પર મુલતવી રાખતો નથી. ભલે સમય હોય કે ન હોય પણ જે તે દિવસે પૂર્ણ કરું છું.

(2) હું મારું કામ ઝડપથી, ચોકસાઈથી અને ઉત્સાહપૂર્વક, નિષ્ઠાપૂર્વક કરું છું. બીજાના ભરોસે કરતો નથી.

(3) હું બીજાનું કામ તરત પતાવું છું. કોઈના સમયનો બગાડ કરતો નથી.

(4) હું દરેકને સાથે રાખીને નિર્ણય કરું છું.

(6) વિદ્યાર્થી :- તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહેશો? કોઈ સૂચન કે સુધારો?

શિક્ષક :- (1) આજનું શિક્ષણ માત્ર પુસ્તકલક્ષી છે. વાસ્તવિક જીવનમાં જરૂરી બાબતોનું શિક્ષણ મળતું નથી. પરિણામે વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા છતાં બેરોજગાર બનીને ફરે છે. ઉપરાંત.

(2) મારા મતે શિક્ષણ એટલે મૂલ્યોનો વિકાસ, મૂલ્ય એટલે કિંમત નહીં પરંતુ ઉચ્ચ વિચારો, સારા ગુણો.

→ આજના શિક્ષણમાં ડીગ્રી છે પણ મૂલ્યો નથી. મારા મતે તો એક અભણ વ્યક્તિ પણ શિક્ષિત કહેવાય કારણ કે.

દા.ત તમારે કોઈ અજાણ્યા ગામમાં કોઈ વ્યક્તિને મળવાનું હોય અને તે ગામના પાદરે જઈ તમે કોઈ શિક્ષીત વ્યક્તિને પૂછો કે "ભાઈ આ ભાઈનું ઘર ક્યાં છે?" તો તે કહેશે કે, આગળ જઈને ડાબી બાજુવળીને પૂછજો. જ્યારે કોઈ ખોટું સરનામું પણ આપે. પરંતુ જ્યારે કોઈ અભણને પૂછશો તો તેનો સમય બગાડીને તમને તેના ઘરે પણ મૂકવા આવશે. કારણકે તેનામાં મૂલ્યોનો વિકાસ થયેલો છે. બીજું એકે શિક્ષણ મેળવી ~~ઈશ્વર~~, ડોક્ટર, એન્જિનીયર બધા બની શકે. પરંતુ શિક્ષણનો મહત્વનો હેતુ મૂલ્યોનો વિકાસ છે. તેથી આજના માહોલમાં મૂલ્યલક્ષી શિક્ષણ ખૂબ મહત્વનું છે.

૭) વિદ્યાર્થી :- તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી પ્રયુક્તિ કરતા ?

શિક્ષક :- અધ્યાપન કરવું અને રસપ્રદ અધ્યાપન કરવું, આ બંનેમાં ખૂબ મોટો તફાવત છે.
→ જે કોઈ બાળક અથવા કોઈને પણ સમજાવવું હોય તો સૌથી પહેલા તેનામાં આ બાબત શિખવાનો / ભણવાનો રસ છે કે નહીં તે જોવું. અને જે રસ ન હોય તો તેને ગમે તેટલું સમજાવવામાં આવે તો પણ તેના માનસ પર કંઈ અસર થતી નથી. તેથી તેનામાં રસ પેદા કરવા માટે ઘણી બધી યુક્તિ-પ્રયુક્તિ દ્વારા બાળકમાં રસ પેદા કરી બાળકનું મન સ્થિર કરી બાળકને શિખવી શકાય.
દા.ત રમત ગીત, વાર્તા અભિનય, વગેરે

8) વિદ્યાર્થી :- એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો?

શિક્ષક :- એક શિક્ષક તરીકે હું હંમેશા બીજાને, મદદરૂપ થઈ શકું, બીજાના સુખ દુઃખનો ભાગીદાર બની શકું તેવું જીવવાનું પસંદ કરી

9) વિદ્યાર્થી :- વિદ્યાર્થી શિક્ષકના સંબંધો વિશે તમારો અનુભવ જણાવો?

શિક્ષક :- વિદ્યાર્થી શિક્ષકના સંબંધો ગુરુ-શિષ્યના નહિ પરંતુ, એક બાળક અને માતા-પિતા જેવા હોવા જોઈએ. કારણ કે, બાળકને કોઈ પણ મુંઝવણ હોય, તો શિક્ષકથી ગભરાયા વિના શિક્ષક સામે રજૂઆત કરી શકે. આપણો બાળકને નિડર વ્યક્તિ બનાવવાનો છે. જેથી બાળક શિક્ષક જેવું નહી પણ માતા-પિતા જેવું, આપ વર્તન રાખવું જેથી બાળક શિક્ષક સામે માતા-પિતાની જેમ નીડરતાથી રજૂઆ કરી શકે. તે માટે વિદ્યાર્થી શિક્ષકના સંબંધો પ્રેમ, સહાનુભૂતિ, લાગણી અને પોતીકાપણા ના સંબંધો હોવા જોઈએ.

10) વિદ્યાર્થી :- એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો?

શિક્ષક :- એક શિક્ષક તરીકે સમાજમાટે હું એવા બાળકોનું ઘડતર કરીશ કે જેઓ સમાજમાં એક સારા નાગરિક બની શકે.
→ ઉપરાંત પોતે પણ એવું જીવન જીવવું કે

કે બીજા માટે પ્રેરણાદાયી હોય અને જેમાંથી પ્રેરણા લઈ સમાજ માટે સારો કાર્યો કરે.

(11) વિદ્યાર્થી :- તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો? શા માટે?

શિક્ષક :- હા, કારણ કે આ કારણકે પદ અને પૈસા સાથે પુણ્ય આ ત્રણેય બાબતોનો સમાવેશ આ વ્યવસ્થામાં થાય છે. ઉપરાંત આ વ્યવસાય પવિત્ર છે. નાના બાળકોના ભવિષ્યના ઘડવાનો અવસર માત્ર શિક્ષક જ ભગવાને આપ્યો છે. તેથી આના જેવો અન્ય કોઈ વ્યવસાય નથી.

(12) વિદ્યાર્થી :- અત્યાર સુધીના શિક્ષણ કાર્યમાં યાદગાર અનુભવ જણાવો.

શિક્ષક :- યાદગાર અનુભવતો ઘણાં છે. પરંતુ ફક્ત એટલું કે અત્યારસુધીમાં મે જેટલા બાળકોને શિખવ્યું તેના કરતા વધુ મને બાળકો પાસે શિખવા મળ્યું છે.
દા.ત. બાળકની નિખાલસતા, પ્રેમ, પાપવિનાનું હૃદય, કપટ વિનાણુ નિખાલતા વગેરે.

(13) વિદ્યાર્થી :- તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું?

શિક્ષક :- મારા ગુરુજનો થકી હું આજે સારો શિક્ષક બની શક્યો. ઉપરાંત પવિત્ર અને પુણ્યવાળું શિક્ષકનું કાર્ય છે. તેથી હું ~~આજે~~ શિક્ષક થવાનુ પસંદ કર્યું?

# * શિક્ષકની મુલાકાત *



શિક્ષકનું નામ :- પટેલ અશોકભાઈ ભગવાનભાઈ
શાળાનું નામ :- શ્રીમતી એમ.ટી.એમ ગર્લ્સ હાઈસ્કુલ, અંકલેશ્વર
કારકીર્દીની શરૂઆત :- ઈ.સ. 1997 - સિલંબા હાઈસ્કુલ.
- ૨૦૦૮ થી શ્રીમતી એમ.ટી.એમ ગર્લ્સ હાઈસ્કુલમાં કાર્યરત.

## * પ્રસ્તાવના *

અમારી કોલેજમાં દર વર્ષે 5 મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિન પર્વની ઉજવણી નવીનતાથી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે એક હસ્તલીખિત ગ્રંથ તૈયાર કરવામાં આવે છે તે અંતર્ગત આ વર્ષે હસ્તલીખિત ગ્રંથનો વિષય એમ કે શિક્ષકને આદર્શ તરીકે જોતા હોય તેવા એક શિક્ષકની મુલાકાત લઈ સંવાદ પ્રશ્નોત્તરી સ્વરૂપે રજૂઆત આપવામાં આવી. મારા જીવનમાં ઘણાં શિક્ષકો સાથે મારી મુલાકાત થઈ પરંતુ મારા આદર્શ મારી શાળા શ્રીમતી એમ.ટી.એમ ગર્લ્સ હાઈસ્કુલ, અંકલેશ્વરના ધોરણ 11 અને 12 ના શિક્ષક આદરણીય શ્રી અશોકસર છે. તેઓનો વિદ્યાર્થી સાથે હળીમળીને રહેવાનો સ્વભાવ, વિદ્યાર્થી માટે પ્રેમ, લાગણી તેમજ જરૂર પડ્યે ઠપકો પણ આપનાર તેમજ નવીનતાને હંમેશા અપનાવતા, નવી જનરેશન પ્રમાણે તાલ મિલાવી રહેનારા સાથે શાળાની કોઈ પ્રવૃત્તિ હોય કે સામાજિક પ્રવૃત્તિ તેઓ હંમેશા તે કાર્ય કરવા તત્પર રહેતા. તેથી તેઓ મારા આદર્શ છે. જ્યારે એક આદર્શ શિક્ષકનું ઇન્ટરવ્યુ લેવા માટે કહેવામાં આવ્યું હું ખુબ ખુશ હતા કે મારે મારા શિક્ષકનું ઇન્ટરવ્યું લેવાનું છે. કારણ આ તો કાર્ય કરવાની તક દરેક વિદ્યાર્થીને ન મ

આ પ્રયત્ન સંવાદ પહેલા મનમાં અનેક વિચારો ચાલી રહ્યા હતા કારણ આ મારા જીવનમાં પ્રથમ શિક્ષકનું વ્યક્તિગત મુલાકાત હતી. મારા મનમાં પ્રશ્ન હતો કે મુલાકાત કેવી બની રહેશે?? અંતે ૨૭ ઑગસ્ટ મુલાકાતનો સમય આવી ગયો. અશોકસરે ઘણી પ્રસન્નતાથી મને આ માટે પરવાનગી આપી હતી. અને મને નિખાલસતાથી સંવાદ આવકાર આપ્યો. તેમના ચહેરા ઉપર પણ એક ચમક અને ખુશી મને જણાતી હતી.

સૌ પ્રથમ તો સર અને ઇન્ટર્નશીપ અંગે સામાન્ય મારી વાતોની માહિતી મેળવી તેમજ શાળા અને વિદ્યાર્થી અંગેની સામાન્ય ચર્ચા કરી. સર સાથે આમ હું પરિચિત હતી જ પરંતુ આજે હું એમને ઊંડાણપૂર્વક, તેમના જીવન, એક શિક્ષકના વ્યવસાયિક જીવન અને એક સારા વ્યક્તિત્વની ઓળખ આજે ખરેખર સાચા સ્વરૂપમાં થઈ શકી. હવે મને લાગ્યું કે પ્રશ્ન પૂછવાનો સારો સમય આવી ગયો છે તેથી સરને નીચે મુજબ પ્રશ્નોત્તરી દ્વારા તેમના વ્યક્તિત્વને મળવાનો પ્રયત્ન કર્યો :-

૧ તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મૉડેલ કોણ છે? શા માટે?

મારા રોલ મોડેલ સેલંબા શાળાના મારા આચાર્ય શ્રી પી. એમ. વરાછીયા છે. તેમની વિકાસ કરવાની પદ્ધતિ, બધા સાથે હળીમળીને રહેવાનો સ્વભાવ, વિદ્યાર્થી હોય, શિક્ષક કે વાલી હોય બધા સાથે સંકલિત થઈ કામ કરવાનું કૌશલ્ય, કેવી રીતે વર્ગખંડમાં કાર્ય કરવું, શિક્ષક તરીકે કઈ રીતે કામ કરવું વગેરે

કારણ શિક્ષકો દ્વારા હું હંમેશા પ્રભાવિત થયો છે. જે કારણે શિક્ષકો મારા રોલ મોડેલ છે.

૨ તમને વાંચન શોખ કેવો છે? કયા પ્રકારનું વાંચન કરવું ગમે છે?

> હા વાંચવાનું મને ગમે છે પરંતુ ખાસ શોખ નથી. હું મોટા ભાગે નવલકથામાં ચંદ્રકાન્ત બક્ષી, અશ્વિની ભટ્ટ, ગુણવંત શાહ એ મારા પ્રિય લેખકો છે. જેમની પુસ્તકો હું હંમેશા વાંચુ છું. તેમજ જે નવા મેગેઝીનો આવે શિક્ષણને લગતા હોય છે એ વાંચુ છું. સાહસવાળા પુસ્તકો.

3 શિક્ષક તરીકે તમારામાં તમે કયાં ગુણો વિકસાવ્યાં છે?

> હું ટ્રાય કરું છું, કોઈ પણ પરિસ્થિતિમાં હું સેટ થઈ જાઉં છું, તેમજ મારા જ્ઞાનમાં પરિસ્થિતિ અને નવા ટ્રેન્ડ મુજબ એટલે કે નવી જનરેશન મુજબ અપડેટ કરતો જ રહું છું. શિક્ષક તરીકે દરેક નવી પદ્ધતિનો શિક્ષણમાં ઉપયોગ કરું છું.

4 સારા શિક્ષક બનવામાં તમને કયાં પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો?

→ સંઘર્ષ તો વધુ કર્યો નથી પરંતુ મારી આકાંક્ષા હતી કે મારે એક શ્રેષ્ઠ શિક્ષક બનવું છે તો તે માટે હું હંમેશા પ્રયત્નશીલ રહું છું. દરેક પડકારોને ઉપાડું છું તેમજ હંમેશા દરેક પરિસ્થિતિ માટે રહેવા મારો પ્રયત્ન સારો રહે છે.

5 તમારામાં રહેલી એ સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની રહે.

> તમારા વ્યવસાયને હંમેશા વફાદાર રહેજો, પ્રમાણિકતાથ દરેક કાર્ય કરજો, તેમજ કોઈ પણ કામ માટે સમયપા

એ ખૂબ જરૂરી છે તો તે ખાસ ધ્યાન રાખજો. તેમજ હંમેશા પોતાનું પર્ફોર્મન્સ શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરજો. તમારાથી સિનિયરનું હંમેશા માન રાખવું દરેક સાથે સભ્યતાથી વર્તન કરવું.

૬ તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારા?

→ આપણી ઈચ્છાઓથી દિવસ શરૂઆત અથવા ઈચ્છાઓ મુજબ દિવસને આકાર આપવો જોઈએ.
પોતાની પસંદગી અનુસાર શિક્ષણમાં વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. જે શિક્ષણ શાળામાં આપવામાં આવે છે કે ફક્ત પરીક્ષાલક્ષી કે જેમાં માર્ક્સ આધારિત પદ્ધતિ હોય છે જે બદલવાની જરૂર છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે તે રીતની યુક્તિ-પ્રયુક્તિનો ઉપયોગ કરી શૈક્ષણિક કાર્ય કરાવવાનું જોઈએ.

શાળામાં શિક્ષક તરીકે જે શિક્ષકો કાર્ય કરે સેવા આપે છે તેવા શિક્ષકની પણ પરીક્ષા લેવાવી જોઈએ. શિક્ષકોને પણ દરેક વિષયનું જ્ઞાન હોવું જોઈએ અને ન હોય તો તાલીમ દ્વારા જ્ઞાનનો વિકાસ કરાવવો જોઈએ કે જેથી તેઓ વિદ્યાર્થીઓને દરેક પ્રકારનું જ્ઞાન આપી શકાય છે.

૭ તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ અને પ્રયુક્તિ કરતાં?

→ મારા વિષયને વધુ રસપ્રદ બનાવવા માટે ICT નો યોગ્ય રીતે ઉપયોગ કરું છું. સમાચાર આર્ટિકલની વ્યવસ્થિત રીતે ઉપયોગ થાય તે કાળજી રાખું

છું. સેમિનાર અને વિવિધ સંસ્થાનમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરું છું. તેમજ વિવિધ સેમિનાર પણ યોજું છું. જેના દ્વારા વિદ્યાર્થી રસપૂર્વક અભ્યાસ કરે છે.

૮ એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો?

> એક શિક્ષક તરીકે હું મારા દ્વારા વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવી એક રીતનું જીવન જીવવા માંગુ છું. હું ક્યાં છું એટલે કે શિક્ષક તરીકેના વ્યવસાયિક જીવનથી સંતુષ્ટ છું.

મારી શાળામાં આવતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને બનતી આર્થિક સહાય કરું છું. મારી પાસે જે બેસ્ટ છે તે હું બીજાને આપવાનો પ્રયત્ન કરીશ.

૯ વિદ્યાર્થી શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો

→ એક શિક્ષકના જીવનમાં સારા-નરસા અનેક અનુભવો થતાં રહે છે તેવી રીતે મને પણ અનેક અનુભવો થયા છે.

મારા જીવનમાં પણ અનેક અનુભવો થયા જે પૈકી મારી એક વિદ્યાર્થીની છે જેનું નામ લેવું હું યોગ્ય નથી સમજતી જેમ આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી બધા તરફથી તેમને શાળા છોડાવાનુ કહેવામાં આવ્યુ હતું તે સમયે કોઈ પણ માર્ગ ન હતો એ વિદ્યાર્થીની પાસે ત્યારે મેં તેમને મારા દ્વારા પુરી રીતે સહાય કરી એ વિદ્યાર્થીને ઊંચા શિખરો સુધી પહોંચવામાં મદદ કરી હતી.

10 એક શિક્ષક તરીકે તમે કેવું જીવન જીવવાનું પસંદ કરશો ?

હું સાદુ જીવન નહિ પરંતુ એક ક્રિએટીવ જીવન જીવવાનું પસંદ કરું છું. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી આ જીવનમાંથી કંઈક ને કંઈક શીખવાની ઈચ્છા રાખું છું. હંમેશા મારા દ્વારા અન્યને ઉપયોગી થઈ શકું એ રીતનું જીવન જીવવાની ઈચ્છા રાખું છું.

11 તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

હા, હું મારા શિક્ષક તરીકેના વ્યવસાયથી સંતુષ્ટ છું.

12 તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવ જણાવો.

મારી ઘણી બધી યાદગાર પ્રસંગો છે વિદ્યાર્થી અને શિક્ષકના સંબંધને વધુ મજબુત બનાવે છે. જે હું ગર્વની લાગણી અનુભવું છું.

મારા જીવનના ઘણા બધા યાદગાર પ્રસંગો છે જો હું વર્ણવાનો પ્રયત્ન કરુ તો કદાચ દિવસના ૨૫ કલાક ઓછા થઈ જાય.

13 તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું ?

સારા વ્યવસાય, માન-સન્માન તેમજ પ્રેમ લાગણી મેળવવા માટે તેમજ પરિવાર અને સારા સમાજના ઘડતર, સમાજની સેવાના કાર્ય અર્થે શિક્ષક થવાનું પસંદ કર્યું.

## મારા અનુભવો :-

આ વ્યક્તિગત મુલાકાતનો મારો પ્રથમ અનુભવ છે. આમ તો આશિષ સર સાથે ૨ વર્ષ પસાર કર્યા તો ઓળખતી હતી પરંતુ આ પ્રત્યક્ષ સંવાદ મુલાકાત દ્વારા તેમને વ્યક્તિગત રીતે ઓળખવાનો અને સમજવાનો લ્હાવો મળ્યો. તેમના જીવનકાળ દરમ્યાન તેમના જીવનથી પરિચિત હું હતી પરંતુ આ મુલાકાત દરમ્યાન તેમના જીવનની ઘણી એવી નવી બાબતો, પ્રસંગો અને સંઘર્ષો ઉપરાંત એક શિક્ષક નહિ પરંતુ શ્રેષ્ઠ શિક્ષક અંગેના કાર્યો અંગે અનેક જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થયો.

આશિષ સર અમારા વર્ગમાં ઘણા ઓછા વિદ્યાર્થીઓને પસંદ હતા કારણ એમનો ગરમ સ્વભાવ તેમજ વિદ્યાર્થીઓને સારુ અને શ્રેષ્ઠ શિક્ષક આપવાના પ્રયત્નના કારણે તેઓ ઘણાને અપ્રિય હતા પરંતુ તેમનો આશય ખોટો ન હતો આ હકીકત વિદ્યાર્થી સમજી શકતા ન હતા કયારેક હું પણ આ વાતથી ગુસ્સે થઈ જતી પરંતુ સરે મને એક શ્રેષ્ઠ માર્ગદર્શન અને ઊંચા ધ્યેય ઉપર પહોંચાડવા માટે હંમેશા મને પ્રોત્સાહિત કરી છે અને જ્યારે મને દર્શનીય મારી શાળામાં મારા જ શિક્ષકો સાથે કામ કરવાનો મોકો મળ્યો તો હું તો ખુશ હતી સાથે મારા સર, સ્ટાફ પણ ઘણા ખુશ હતા.

આશિષ સર સાથેના આ સંવાદ દ્વારા સરે પણ ઘણી ગર્વની લાગણી અનુભવી એ વાતની લાગણીની અનુભૂતિ હું કરી શકતી હતી.

હું ઘણી નસીબદાર છું કે મને આ કાર્ય કરવાનો મોકો કોલેજ પરિવાર તરફથી મળ્યો તે બદલ હું કાયમ તેમનો દિલથી આભાર વ્યક્ત કરું છું કે આ કાર્ય માટે મારી પસંદગી નિમણૂક કરી. મને ખૂબ સારા અનુભવો અને ઘણી નવી બાબતોની જાણકારી આ મુલાકાત બાદ પ્રાપ્ત થઈ શકી.

અંતે એટલું જ કહીશ કે જો આ કાર્ય કરવાનો મોકો બીજી વાર મળશે તો હું ત્યારે પણ તત્પર જ રહીશ. અને મારા શિક્ષક કે જેઓ દ્વારા અમે આજે અહીં છે, તેમજ મારા બીજા આદરણીય અધ્યાપક શ્રી ડૉ. ઇન્તિખાબ અન્સારી સર કે જેઓ કોલેજમાં મળ્યા કદાચ આ જીવનકાળ દરમ્યાન આવા શ્રેષ્ઠ શિક્ષક અધ્યાપક બાદ તેઓ મને મળ્યા છે હું તેમની સાથે આ ઇન્ટરવ્યુનો મોકો મળે એવી મારી ઇચ્છા ધરાવું છું. ખૂબ સારા અનુભવો રહ્યા. હું ખૂબ ગર્વ, અને સાથે સફળતાની લાગણી અનુભવું છું.

ધન્યવાદ.

- પટેલ ભૂમિકા વલ્લભભાઈ
- S.Y. B.Ed
- Roll No :- 27

શિક્ષકનું નામ : ચંદ્રકાંત જગમોહન ટંડેલ

શૈક્ષણિક લાયકાત : B.A. M.A.

શૈક્ષણિક સંસ્થા : આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ-સરભા

શૈક્ષણિક અનુભવ:

કોઈપણ રાષ્ટ્રના વિકાસની આધારશિલા શિક્ષણ છે. રાષ્ટ્રની ગતિ-પ્રગતિનો આધાર રાષ્ટ્રના શિક્ષણની ગુણવત્તા પર રહેલો છે. શિક્ષણની ગુણવત્તા નક્કી કરનાર એક પરિબળ શિક્ષકની અસરકારકતા છે, જે તેના કાર્યક્રમ અને પ્રશિક્ષણની સજ્જતા પર અવલંબે છે આથી જ કહેવાય છે કે જેવો પ્રશિક્ષક તેવી તાલીમ, જેવી તાલીમ તેવો શિક્ષક જેવો શિક્ષક તેવો વિદ્યાર્થી, જેવો વિદ્યાર્થી તેવો દેશ.

" આ જીવન માટે મારા માતા-પિતાનો ઋણી છું પણ આ જીવનને સારું બનાવવા માટે મારા શિક્ષકોનો ઋણી છું."

આ અનુસંધાને મારા આદર્શ શિક્ષકની મુલાકાત લીધા છે. તેઓના યોગ્ય માર્ગદર્શનના આધારે જ હું મારા જીવનના વિકાસમાં પ્રગતિ મેળવી શક્યો છું.

★ પ્રશ્નો :-

[1] તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો. તમારું રોલ મોડેલ કોણ છે? શા માટે?

→ શિક્ષકનો જવાબ:

રોલ મોડેલની વાત કરું તો હું શ્રીકૃષ્ણને માનું છું, કારણ કે, તેમના વ્યક્તિત્વ પાસેથી ગમેતેવી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનું અને યોગ્ય સમયે યોગ્ય વાત રજૂ કરવી. તેમની પાસેથી એક સાચા માર્ગદર્શક તરીકેના ગુણ વિકસાવ્યા છે.

[2] તમારો વાચન શોખ કેવો છે કયા પ્રકારનું વાચન કરવું ગમે છે?

→ શિક્ષકનો જવાબ:

હું એક સાહિત્યનો શિક્ષક છું સાહિત્યનું વાચન મને ઓછું ગમે છે કારણ કે તેમાંથી

→ અમુક અંશે જ ઉદ્દેશ્ય પ્રધાન વાચન હોય છે તેમાં મારા આનંદ મેળવવા ખાતર વાંચું છું પરંતુ મને સ્વામી વિવેકાનંદ, નેપોલિયન, ગાંધીજી, એરિસ્ટોટલ તેમને વાંચવાનો શોખ છે કારણ કે તેમાંથી મને ઘણી બધી પ્રેરણા મળે છે. અને તે જીવન ઉપયોગી જ્ઞાન આમનું વાચન કરવાથી પ્રાપ્ત થાય છે.

[3] શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે?

→ શિક્ષકનો જવાબ:

એક શિક્ષક તરીકે મારામાં નિયમિતતા, આત્મવિશ્વાસ અને સ્વમૂલ્યાંકન તેમજ સેવા, જિજ્ઞાસા અને નમ્રતા જેવા ગુણો વિકસાવ્યા છે.

[4] સારા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો?

→ શિક્ષકનો જવાબ:

હું એક સારો શિક્ષક બનવા માટે મારે માણસ-માણસ વચ્ચેનો સંઘર્ષ, પ્રકૃતિ સાથેનો સંઘર્ષ તેમજ સમાજ સાથેનો સંઘર્ષ કરવો પડ્યો છે.

[5] તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની શકે?

→ શિક્ષકનો જવાબ:

મારામાં રહેલા સારા ગુણો જે તમને પ્રેરણારૂપ બને એવા કે એક શિક્ષક તરીકે નિયમિત વાચન, કોઈપણ કાર્ય કરવામાં નિયમિતતા, તેમજ સત્યના માર્ગે ચાલવું એ મારામાં રહેલા સારા ગુણો છે.

[6] તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારો?

→ શિક્ષકનો જવાબ:

મારા મતે શિક્ષણ એટલે આપણામાં રહેલી શક્તિને બહાર પ્રગટાવવી. To draw out. આજનું શિક્ષણ માત્ર માહિતી પ્રધાન છે તેમાં માત્ર રોટલી કેવી રીતે મેળવવી તે જ શીખવવામાં આવે છે. પરંતુ સંઘર્ષ સામે કેવી રીતે ટકી રહેવું. તે જ્ઞાન આપવામાં આવતું નથી. સાચું જ્ઞાન શાસ્ત્રોમાં છે તે મારા અંદર જ પડી રહેલું છે. વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ થાય એ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ. જેમ કે આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક, રાજકીય અને આધ્યાત્મિક હોવું જોઈએ. સુધારામાં ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ આપવું જોઈએ.

[7] તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ-પ્રયુક્તિ કરો?

શિક્ષકનો જવાબ:

હું મારા વિષયનું શિક્ષણકાર્ય કરાવું તો તેને સ્પષ્ટ બનાવવા માટે સાચી વાસ્તવિકતા વિશેનો ખ્યાલ આવે એ પ્રમાણે અધ્યાપન કાર્ય કરાવું છું જેમ કે રેવા ફિલ્મ બતાવીને નર્મદા નદીનો મહિમા હું વિદ્યાર્થીઓને સરળતાથી સમજાવી શકું એટલે કે પરંપરાગત શિક્ષણ આપવું જોઈએ. જેમા પરંપરા અને આધુનિકતાનું સમન્વય થયેલું હોવું જોઈએ.

[8] એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો?
શિક્ષકનો જવાબ:
-) એક શિક્ષક તરીકે હું
રીતે જીવવાનું પસંદ Single and કરું છું.
high thinking

[9] વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો?
શિક્ષકનો જવાબ:
-) વિદ્યાર્થી - શિક્ષકનો સંબંધ મિલનસાર હોવો જોઈએ. જેમાં યોગ્ય સમયે યોગ્ય વાત કહેવી. ક્યારેક કોઈ વિદ્યાર્થી ખરાબ વર્તન કરતો હોય ત્યારે ફક્ત ઠપકો આપ્યા વિના તેને સમજવાનો પ્રયત્ન કરવો. જો સમય હોય તો તેના ઘરે જઈને સાચી વાસ્તવિકતા તેમજ તેની

પરિસ્થિતિ અંગે જાણકારી મેળવવી જોઈએ.

[10] એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો?

→ શિક્ષકનો જવાબ:

એક શિક્ષક તરીકે દેશ આદર્શ અને તેવા કાર્યો કરી શકાય. જેમ કે જેમની પાસે અક્ષર જ્ઞાન નથી તેમને અક્ષરજ્ઞાન આપવું. જે સમાજ શિક્ષિત છે તેઉપરાંત પણ બીજા વર્ગોની પાસે જવું જોઈએ અને તેમની સાથે ચર્ચા-વિચારણા કરીને તેમની સમસ્યા અંગે માહિતી મેળવીને તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમજ કુટુંબ ઉદ્ધાર, ગ્રામોદ્ધાર અને દેશ ઉદ્ધારના કાર્યો કરવા જોઈએ.

[11] તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

→ શિક્ષકનો જવાબ:

હા, કારણ કે શાંત એકાંત સાથેનો વ્યવસાય છે જે વ્યક્તિને હંમેશા શાંત રાખે છે.

[12] તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું?

→ શિક્ષકનો જવાબ:

જો દેશની સેવા કરવી હોય તો અન્ય વ્યવસાય કરતા આ વ્યવસાય શ્રેષ્ઠ છે. જેમાં વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે. જેમાં જીવન ઘડતરની વાત તેમાં સમાયેલી છે. જેના મુખ્ય ચાર પાસા છે (i) કુટુંબ (ii) શિક્ષણ (iii) સમાજ અને (4) ધર્મ, જેમાંથી મને એક પ્રેરણા મળી તેથી શિક્ષક થવાનું પસંદ કર્યું હતું.

-રાઠોડ સરદાર રમેશભાઈ

- S.Y. B.Ed. Sem-3

Roll No - 09

# શિક્ષકની ભૂમિકા

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે. કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે વિદ્યાર્થીના Guide, Friend and Philosopher તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ: શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય છે.

આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. આજે શાળામાં વિદ્યાર્થી 'empty mind' સાથે આવતો નથી. કારણ કે વિવિધ માધ્યમો ટી.વી., રેડિયો, ન્યૂઝ પેપર, અને movie દ્વારા અનેકવિધ જ્ઞાન પીરસાઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી વિદ્યાર્થીઓના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં Facilitator તરીકે વર્તવાનું છે. તેના માટે શિક્ષકે ચીલાચાલુ lecture method ના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, group work, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસ પદ્ધતિ સ્વીકારવી જોઈએ.

દા. ત : " આપણા વ્યવસાયકાર " પાઠમાં Picture ની મદદથી 'કુંભાર' ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે વિદ્યાર્થીઓને લઈ જવા અને નિરીક્ષણ અને જાતઅનુભવથી વિદ્યાર્થીઓ કુંભારનું કાર્ય, ઉપયોગ થતાં સાધનોથી વાકેફ બને અને તે જ્ઞાન ચિર સ્થાયી બનાવે. જો શિક્ષક Facilitator તરીકે વર્તશે તો વિદ્યાર્થીઓમાં શીખવાનો ઉત્સાહ અનેરો જોઈ શકાય છે.

# શિક્ષક સાથેનો સંવાદ

પ્રશ્નકર્તા :- પટેલ રેખાબેન આર. (હું)

પ્રશ્નનાં ઉત્તર આપનાર :- પ્રભવતી પ્રજ્ઞાબેન

શિક્ષક સાથેની મારી વાતચીત સંવાદ સ્વરૂપે

પ્રશ્નકર્તા :- તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો તમારા રોલ મૉડલ કોણ છે ? શા માટે ?

પ્રજ્ઞા મૅડમ :- મારા રોલ મૉડલ આચાર્ય શ્રીમતી યોગીનીબેન ઓઝા જેઓએ મને મારામાં જે ખૂબી હતી. તે શોધીને ધ્યાન પર લાવ્યા.

પ્રશ્નકર્તા :- તમારા વાંચનશોખ કેવા છે ? કયા પ્રકારનું વાંચન કરવુ ગમે છે ?

પ્રજ્ઞા મૅડમ :- ગુજરાતી સાહિત્યનું વાંચન તો ખરૂ જ પણ આધ્યાત્મિક વાંચન હાલ વધુ છે અને બધા જ પ્રકારનું વાંચન વાંચવુ ગમે કેમકે જ્ઞાન તો દરેક વાંચનમાંથી મળતું જ હોય છે.

પ્રશ્નકર્તા :- શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે ?

પ્રજ્ઞા મેડમ :- 'શિક્ષક કભી સાધારણ નહી હોતા.' સહનશક્તિ, સંકલન શક્તિ, આત્મવિશ્વાસ, નિર્ણય શક્તિ, મૂલ્યાંકન, સહકારની ભાવના વગેરે.

પ્રશ્નકર્તા :- સારા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો ?

પ્રજ્ઞા મેડમ :- આર્થિક પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ

પ્રશ્નકર્તા :- તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની રહે.

પ્રજ્ઞા મેડમ :- વાકચાતુર્ય, આદાન-પ્રદાનની શ્રેષ્ઠ રીત, સહકારની ભાવના રાખવી, નિર્ણય-શક્તિ શ્રેષ્ઠ રાખવી વિશ્વાસ મૂકીને કામ કરવું.

પ્રશ્નકર્તા :- તમારા માટે શિક્ષણ એટલે શું ? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો ? કોઈ સૂચન કે સુધારો ?

પ્રજ્ઞામેડમ :- વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને
શૈક્ષણિક કાર્યને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક
પ્રણાલી નક્કી કરવી જોઈએ.

પ્રશ્નકર્તા :- તમારા વિષયનું સ્પષ્ટ અધ્યાપન કરવા માટે
કેવી યુક્તિ પ્રયુક્તિ કરતા.

પ્રજ્ઞામેડમ :- વાર્તા દ્વારા પણ સ્પષ્ટ થઇ શકે. ફિલ્મમાંથી
મળતો બોધ હોય તો તે ફિલ્મની વાત, કાવ્યગાનથી
કરી શકાય. દૃશ્ય-શ્રાવ્ય દ્વારા

પ્રશ્નકર્તા :- એક શિક્ષક તરીકે કેવું જીવવાનું પસંદ કરશો?

પ્રજ્ઞામેડમ :- શિક્ષક તરીકે શ્રેષ્ઠ, સાદગી, પવિત્રતા પ્રેમભર્યું,
સહકાર ભર્યું જીવન, સુખશાંતિ રૂપજીવન પસંદ
કરીશું.

પ્રશ્નકર્તા :- વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ
જણાવો

પ્રજ્ઞામેડમ :- દરેક વિદ્યાર્થીને સમાન કક્ષાના ગણવો
હોશિયાર ને જ મહત્વ આપવું એવું હોવું

ન જોઈએ. એક વિદ્યાર્થી કાયમ ક્લાસમાં ગેરહાજર રહેતો હતો. મારાથી બનતો પ્રયત્ન કર્યો કે એ ગેરહાજર ન રહે તે માટે તેને વર્ગમાં મોનીટર બનાવ્યો. અને આ વિદ્યાર્થી ગેરહાજરમાંથી હાજર રહેવા લાગ્યો અને વર્ગને સાચવવા બધુ જ ધ્યાન રાખવા લાગ્યો. વિદ્યાર્થીઓને એનામાં પડેલુ જે હોય છે જ્ઞાન એમા રસ ઊભો થાય એટલે ઓટોમેટીક બાળ સુધારા પર આવી જાય.

પ્રશ્નકર્તા :- એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો ?

પ્રજ્ઞાબેન :- આપણાં વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે એને ભૂલવું જોઈએ નહી. સારા કાર્યો કરવા જોઈએ. સમાજમાં એકતા, પ્રમાણિકતા, ભ્રષ્ટાચાર ઓછો થાય એવા કાર્યો કરવા ઇચ્છીએ છે વિદ્યાર્થીઓમાં આ મૂલ્ય રોપવા જોઈએ.

પ્રશ્નકર્તા :- તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો ?

પ્રજ્ઞાબેન :- હા, હું શિક્ષકના વ્યવસાયથી સંતુષ્ટ છું મારો રસનો વિષય છે શિક્ષકનો વ્યવસાય એટલે કે રમતરમતાળ પૂરા તન મન ધન થી ન્યાય આપુ છું.

પ્રશ્નકર્તા :- તમારા અત્યાર સુધીના શિક્ષણકાર્યના યાદગાર અનુભવો જણાવો.

પ્રજ્ઞાબેંડમ :- રાજ્યકક્ષાની શ્રેષ્ઠકૃતિ "સ્માર્ટ કાર્ડ" રજૂ કરી જે વિજ્ઞાન મેળાની આગવી કૃતિ હતી.

- વિદ્યાર્થીઓ સાથે પ્રાયોગિકકાર્ય તેમના વિવિધ જૂથની અંદર તેમના દ્વારા જ અન્ય વિદ્યાર્થીઓને સમજવાય જેનાથી વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્તશક્તિ બહાર આવે છે. પ્રાયોગિક કુશળતાઓ વિકસે છે.

પ્રશ્નકર્તા :- તમે શિક્ષક બનવાનું શા માટે પસંદ કર્યું હતું !

પ્રજ્ઞાબેંડમ :- શિક્ષણક્ષેત્ર એવું છે કે જેમાંથી જ બાળક આ સમાજને એક સારો ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, કે સારો માણસ શાળામાંથી જ શાળાના બગીચામાંથી ઊભો થાય છે. શિક્ષક એ બાગનો માળી છે. જે ગર્વની વાત છે માટે આ ક્ષેત્ર પસંદ કર્યું છે. એમને મને પોતાને ખૂબ જ રસ છે.

# મારા અનુભવો

બી. એડમાં આપણાના શિક્ષકની તાલીમ આપવામાં આવે છે આપણામાં એક શિક્ષક થવાના કયા કયા ગુણો કૌશલ્ય વિકસાવવા જોઈએ તે આપણાને આ તાલીમ દ્વારા મળે છે

કોલેજમાં અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે તેમાં આમા આપણે જેને આપણા રોલ મોડલ માનતા હોય તેની પ્રશ્નાવલી ચર્ચા કરી સંવાદરૂપે બનાવવાની કૃતિ

આ કાર્યમાં મને ઘણું બધુ જાણવા મળ્યું આપણા જીવનને લગતા ઘણા બોધ પણ મળ્યા આપણે એક શિક્ષક બનાવાના છીએ પણ શ્રેષ્ઠ શિક્ષક માટે કયા ગુણો વિકસાવવાના છે તે અહીંયા ચર્ચા દ્વારા જાણવા મળે છે.

શિક્ષક રીતે આપણે આપણા વાંચનમાં શું વાચવું, શિક્ષકના કયા ગુણો વિકસાવવા, શિક્ષક બનવા કયા પ્રકારના સંઘર્ષ કરવો પડે, વિષયને સ્પષ્ટ બનાવવા માટે શુ કરવું, બાળકો સાથે કેવો વ્યવહાર કરવો, શિક્ષક તરીકે કેવુ જીવન જીવવું જેવી અનેક ચર્ચા દ્વારા ખુબ બધુ જાણવા મળ્યું છે. મારામાં જે ગુણ શિક્ષક તરીકે વિકસાવવાના છે વિકસાવવા માટે પ્રયત્ન કરવા જોઈએ એક શિક્ષક તરીકે શ્રેષ્ઠ શિક્ષક બનીશ.

- શિક્ષકનું નામ :- ભુમિકાબેન રણજીતસિંહ ખેર
- શાળાનું નામ :- સરકારી માધ્યમિક શાળા, બીલોડ
- શૈક્ષણિક લાયકાત :- B.Sc., M.Sc., B.Ed.
- શૈક્ષણિક અનુભવ :- 10 વર્ષ

શિક્ષક માટે વારંવાર 'માસ્તર' શબ્દ પ્રયોજવામાં આવે છે. માસ્તરનો સાચો અર્થ છે, 'જે મા ના સ્તર સુધી જઈને ભણાવે તે માસ્તર' મા જેવું વાત્સલ્ય, મા જેવો પ્રેમ અને મા જેવું વર્તન જે શિક્ષકનું હોય તેને માસ્તર કહી શકાય. વર્ગના પ્રત્યેક બાળકનાં હૃદયમાં શિક્ષકની છબી ઝીલાતી હોય છે. કેવી ઉપસાવવી તે શિક્ષકે નક્કી કરવાનું છે. સત્ય અને ન્યાયના રસ્તા પર ચાલવુ શિક્ષક જ આપણને શીખવાડે છે. જીવનની કઠિનાઈઓ સામે લડવુ પણ આપણને શિક્ષક જ શીખવે છે. આપણા જીવનને સારુ બનાવનાર પણ આપણા શિક્ષક જ છે, તેથી આપણે આપણા શિક્ષકોનો આદર કરવો જોઈએ.

" શિક્ષક અને સડક બન્ને સરખાં...
પોતે ત્યાંના ત્યાં જ રહે છે
પણ બીજા અનેકને
મંઝિલ સુધી પહોંચાડે છે. "

આદર્શ શિક્ષક એક વહેતી નદી જેવા હોય છે. જેના મનમાં કોઈ નાતજાતના ભેદભાવ

નથી. જેના અભાવમાં પ્રવાહિતા છે. સર્વને સમાવી શકે તેવું વિશાળ હૃદય છે. સર્વમાં સમાનભાવ અને નિ:સ્વાર્થભાવ વહેંચવાની મનોવૃત્તિ છે. આવા હોય છે આદર્શ શિક્ષક.

"કાષ્ઠને ચંદન કરે,
ઉરને નંદન કરે,
તેવા શિક્ષકને
કોણ ન વંદન કરે?"

આપણા દરેકના જીવનમાં આવા એક શિક્ષક તો હોય જ છે જેને આપણે આપણા આદર્શ માનતા હોઈએ છીએ. મારા આદર્શ, ભૂમિકાબેન છે જેમને મળીને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા અને તે પ્રશ્નોના જવાબ તેમના જ શબ્દોમાં નીચે રજૂ કર્યા છે.

પ્રશ્ન:- તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મોડેલ કોણ છે? શા માટે?

ઉત્તર:- મારા રોલ મોડેલ મારા પ્રાથમિક શાળાના શિક્ષક 'પ્રભાતસિંહ કક્વાડિયા' છે. તેમની અમને શીખવવાની રીત તેમજ અમારા બાળકની મહેનતને કારણે તેમણે અમારા પર પોતાની આગવી છાપ ઊભી કરી હતી. આ ઉપરાંત, તેમની સમય પ્રમાણે ચાલવાની દિનચર્યા પ્રભાવિત કરતી હતી. તેઓ શિસ્તના આગ્રહી હતા. તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ પણ તેમને આદર્શ ગણવાનું એક કારણ છે.

પ્રશ્ન:- તમારો વાચન શોખ કેવો છે? કયા પ્રકારનું વાચન કરવું ગમે છે?

ઉત્તર:- મને વાંચવાનું ગમે છે. હું ખાસ કરીને નવી શોધો વિશે જાણવાનું વધુ પસંદ કરું છું. આ ઉપરાંત, શિક્ષકને ઉપયોગી થવામાં જરૂરી માહિતી સમજ પ્રકારની જેવા મેગેઝિનનું વાચન કરુ છું. ગણિત-વિજ્ઞાનને લગતાં પુસ્તકો, લેખો વાંચવાનું વધુ પસંદ કરું છું.

પ્રશ્ન:- શિક્ષક તરીકે તમારામાં તમે કયાં ગુણો વિકસાવ્યા છે?

ઉત્તર:- શિક્ષક બનવું પણ સહેલું નથી. તમે, શિક્ષક બનો છો તો તમારે અમુક ગુણો વિકસાવવા જ પડે. શિક્ષક તરીકે મેં શિસ્ત, સમયસૂચકતા, લાગણીઓ પર કાબૂ, વાચન જેવા ગુણોનો વિકાસ કર્યો છે. આ ઉપરાંત, નવી ચેટી આવે તેમને અનુરૂપ, થઈને આગળ વધવાનો ગુણ પણ વિકસાવ્યો છે.

પ્રશ્ન:- સારા શિક્ષક બનવામાં તમને કયાં પ્રકારનો સંઘર્ષ કરવો પડયો?

ઉત્તર:- સંઘર્ષની વાત કરીએ તો વાલીઓનો સહકાર પૂરતો ન મળ્યો. વિદ્યાર્થીઓ

માટે સારી બાબતો અપનાવી પરંતુ વાલીઓ તેનો તરત સ્વીકાર ન કરી શક્યા. વાલીઓનો અહંકાર હવે મરે છે જેથી વિદ્યાર્થીઓમાં જરૂરી બદલાવ લાવી શકાય છે.

પ્રશ્ન:- તમારામાં રહેલી બે સારી વાતો જણાવો કે જે અન્ય માટે પ્રેરણારૂપ બની શકે.

ઉત્તર:- ① મારો પ્રેમાળ સ્વભાવ. જેના કારણે વિદ્યાર્થીઓ તેમની મુશ્કેલીઓ વિના સંકોચ કે ડર વગર મારી આગળ રજૂ કરી શકે છે.

② મારું વિષયવસ્તુનું ઊંડું જ્ઞાન એ મારો પ્લસ પોઈન્ટ છે. તમારું વિષયવસ્તુનું જ્ઞાન તમારા વિદ્યાર્થીઓને તમારા માટે આકર્ષિત કરે છે. એટલે કે તમારી પાસે ભણવા માટે મજબૂર કરે છે.

પ્રશ્ન:- તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માળખા વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારો?

ઉત્તર:- મારા મતે શિક્ષણ એટલે ફક્ત ચોપડીયું જ્ઞાન નહિ પરંતુ જે વિદ્યાર્થીઓને પોતાનું જીવન સારી રીતે જીવવામાં મદદરૂપ બને. વિદ્યાર્થીઓમાં સદ્‌ગુણો તેમજ સારી ટેવોનો વિકાસ થાય. આજે શિક્ષણ ફક્ત ચોપડીયું જ્ઞાન પૂરતું સિમીત બની ગયું છે. વિદ્યાર્થીઓ

પણ ખાસ થવામાં જ માનું છું. વિદ્યાર્થીઓને અને તેટલું વાસ્તવિક જીંદગી સાથે જોડી શિક્ષણકાર્ય કરાવવું જોઈએ.

પ્રશ્ન:- તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરો છો?

ઉત્તર:- ગણિત-વિજ્ઞાન વિષય પહેલેથી જ વિદ્યાર્થીઓને અઘરાં લાગતાં હોય છે તેથી વિજ્ઞાન વિષયમાં હું કોમ્પ્યુટર પર જરૂરી વિડીયો બતાવું છું કે જેના દ્વારા વિદ્યાર્થીઓ સરળતાથી વિષયવસ્તુ સમજી શકે. વધુમાં વધુ પ્રયોગશાળાનો ઉપયોગ કરું છું. ગણિતમાં પણ અવનવી સ્પર્ધાઓનું આયોજન કરું છું જેથી અધ્યાપન કાર્ય રસપ્રદ બને.

પ્રશ્ન:- એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરો છો.

ઉત્તર:- શિક્ષક તરીકે હું સલામત તેમજ વૈજ્ઞાનિક મત મુજબનું જીવન પસંદ કરું છું. હું અંધશ્રદ્ધાઓમાં નથી માનતી. સુવિધા આપસરની વિકસાવવી નહિતર આળસુ બની જાય છે આરોગ્ય માટે યોગ્ય નથી. એક સામાજિક અને કુટુંબ પ્રત્યે નિષ્ઠાવાળું જીવન જીવવાનું ગમશે.

પ્રશ્ન:- વિદ્યાર્થી-શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

ઉત્તર :- વિદ્યાર્થીઓમાં સાચું એકદમ ઉચ્ચારણયુક્ત વર્તન પણ ન થાય. પછી તેઓમાં આપણું કહેલું ધ્યાનમાં લેતા નથી. તેથી થોડું કડક વલણ પણ અપનાવવું પડે. વિદ્યાર્થી ગમે તેટલી વાર એકનો એક દાખલો પૂછે તો હું ફરી ફરી તે સમજાવું છું. તે સમયે હું વિદ્યાર્થીઓને ખીજાતી નથી. તેથી તેઓ નીડર થઈ મને સવાલો પૂછે છે અને મને માને પણ છે.

પ્રશ્ન :- એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો?

ઉત્તર :- સમાજને સ્વચ્છતા પ્રત્યે સભાન કર્યો છે. તેમજ ધૂમ્રપાન મુક્ત કર્યો છે. કારણ કે તેઓ ધૂમ્રપાન દ્વારા પોતાના બાળકોનું ભવિષ્ય પણ બગાડે છે. સમાજને શિક્ષિત અને કર્તવ્યનિષ્ઠ નાગરિક આપવા.

પ્રશ્ન :- તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

ઉત્તર :- ના. જ્યાં સુધી બધાં બાળકો ન શીખે ત્યાં સુધી સંતોષ ન મળે. પરંતુ બધાંને શીખવવા જેટલો સમય નથી. કારણ કે અભ્યાસક્રમ પર પણ ધ્યાન આપવું પડે છે. અને એક માટે બીજા પચાસનું બગાડે તે પણ ધ્યાનમાં રાખવું પડે.

પ્રશ્ન :- તમારા અત્યાર સુધીના શિક્ષણકાર્યમાં યાદગાર અનુભવો જણાવો.

ઉત્તર :- સૌથી યાદગાર અનુભવ એ છે કે જ્યારે હું પ્રાથમિક શાળા, કોડવાની છોડી તેના છેલ્લા દિવસે મારા વિદ્યાર્થીઓ સાત વાગ્યા સુધી મારી પાસે જ બેસી રહ્યા અને ઘરે જ ન ગયા. હું નીકળી પછી જ તેઓ ત્યાંથી નીકળ્યા. આ ઉપરાંત, ચાલુ શિક્ષણકાર્ય દરમિયાન કેટલીકવાર હાસ્ય ઉપજાવે તેવી ઘટનાઓ બનતી જ હોય છે.

પ્રશ્ન :- તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું?

ઉત્તર :- મારે પહેલેથી જ શિક્ષક બનવું હતું અને મને તક મળી તો તે મેં ઝડપી લીધી.

સુષ્મા શ્વેતા બેન
S.Y.B.Ed.
Roll No:- 48

# પ્રસ્તાવના

શિ - શિસ્ત
ક્ષ - ક્ષમા
ક - કર્તવ્યનિષ્ઠા

શિક્ષક એક એવી વ્યક્તિ છે જેમના હાથે આપણા આ કિંમતી જીવનનું ઘડતર નક્કી થાય છે. કહેવાય છે કે શિક્ષક આપણા વ્યક્તિત્વના ચણતરના પાયા છે, જેની વાતો સાંભળી, તેમના વિચારોને અને તેમની શિક્ષાને જીવનમાં ઉતારીએ તો જિંદગીરૂપી ઇમારતનું ચણતર પાકું થાય છે. જો આપણે શિક્ષાને બોજ માનીને લાદતાં રહીએ અને શિક્ષકને એક બોરિંગ વ્યક્તિ સમજીને તેની સલાહ, તેમજ તેમના ઠપકાને હસવામાં કાઢીએ તો યુવાનીના ઉંબરે આવીને ઊભા રહીએ ત્યારે જીવનમાં આગળ વધવાના સંઘર્ષ દરમિયાન જે ઠોકરો ખાવી પડે ત સમયે આપણને આપણી ભૂલોનું ભાન થાય છે.

શિક્ષક એવી વ્યક્તિ છે જે આપણને સાચું માર્ગદર્શન કરે છે. શિક્ષક આપણા ચરિત્રનું ઘડતર કરે છે. મા-બાપ તો એક સમયે લાડમાં આપણા દોષોને પણ ઢાંકી દે છે પણ શિક્ષક આપણા દોષો અંગે વારંવાર ટોકીને, આપણને સમજાવીને, ઠપકો આપીને હંમેશા એક સારી વ્યક્તિ બનાવવાની કોશિશ કરે છે. ખરી રીતે જોવા જઈએ તો શિક્ષક જ આપણા જીવનને ખુશીઓથી ભરે છે.

“ક્ષણે ક્ષણે જે નવું શીખવે એનું નામ શિક્ષણ.
જે માતૃહૃદય રાખીને શીખવે એનું નામ શિક્ષક.”

# શિક્ષક સાથેનો સંવાદ

શાળાનું નામ :- શ્રી નવચેતન વિદ્યામંદિર, કોંઢ

શિક્ષકનું નામ :- ડૉ. અશોકભાઈ સી. પટેલ

શૈક્ષણિક લાયકાત :- M.A, B.Ed, M.Phil, Ph.D

શૈક્ષણિક અનુભવ :- 2 વર્ષ

## પ્રશ્નો :-

પ્રશ્ન પૂછનાર :- તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મોડલ કોણ છે? શા માટે?

શિક્ષક :- હું જે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યો છું એમાં મારા રોલ મોડલ તરીકે કોલેજ કાળના દરમ્યાન માસ્ટર ડિગ્રીના અધ્યાપક ડો. યોગેશ એ. ભગેસણ સાહેબ છે. કે જેમની પાસેથી શિક્ષણની વિવિધ તરાહો અને સંશોધનની ટેક્નિકો, અધ્યાપનની પદ્ધતિઓ શીખવા મળી.

પ્રશ્ન પૂછનાર :- તમારો વાચન શોખ કેવો છે? કયા પ્રકારનું વાચન કરવું ગમે છે?

શિક્ષક :- વાચન શોખની વાત કરુ તો મારો વાંચનનો શોખ ખૂબ જ વિશાળ છે. મનોવિજ્ઞાનના વિવિધ પુસ્તકો, મેગેઝીનનો તેમજ જનરલ નોલેજના પુસ્તકો વાંચવા ખૂબ જ ગમે છે.

3 પ્રશ્ન પૂછનાર :- શિક્ષક તરીકે તમારામાં તમે ક્યાં ગુણો વિકસાવ્યા છે ?

શિક્ષક :- શિક્ષક તરીકે મારામાં આદર્શ, શિસ્ત, નિયમિતતા જેવા ગુણો વિકસાવ્યા છે. તેમજ શાળામાં કોઈપણ પ્રકારની કામગીરી કરવાની હોય તો હું ક્યારેય ના નથી પાડી શકતો અને ઉત્સાહથી કામ કરુ છુ.

4 પ્રશ્ન પૂછનાર :- સારા શિક્ષક બનવામાં તમને ક્યાં પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો ?

શિક્ષક :- સારા શિક્ષક બનવા માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો. જેમાં આર્થિક સંઘર્ષ મુખ્ય હતો. પરંતુ મારી આંતરસૂઝના કારણે હું સરળતાથી પાર પાડી શક્યો. સતત સંઘર્ષ કર્યો જેના થકી આજે હું અહીં છુ ?

5 પ્રશ્ન પૂછનાર :- તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની રહે.

શિક્ષક :- મારામાં રહેલા ગુણો જ લક્ષણોની વાત કરું તો,

1) શાળામાં થતી પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લેવો
2) કોઈપણ કામ હોય તો હા થઈ જશે.
3) કોઈપણ કામ સિવાય બિનજરૂરી લાગે તેવી ચર્ચામાં પડતા નથી.
4) પુસ્તકો અને લેખ લખવામાં રસ ધરાવુ છું

6) પ્રશ્ન પૂછનાર :- તમારા મતે શિક્ષણ એટલે શું ? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો ? કોઈ સૂચન કે સુધારો ?

શિક્ષક :- સામાન્ય રીતે શિક્ષણ કે જ્ઞાન જેમ વ્યક્તિને જે તે ક્ષેત્રનો અનુભવ થાય તેનાથી પ્રાપ્ત થાય છે. આજના શિક્ષણમાં સુધારો લાવવા માટે આધુનિક પદ્ધતિઓ જે છે તેનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત કમ્પ્યુટર જ્ઞાન હોવું જોઈએ જેથી વિદ્યાર્થીઓને કમ્પ્યુટર દ્વારા દૃશ્ય અને શ્રાવ્ય બંને પ્રકારે શિક્ષણ પ્રાપ્ત થઈ શકે.

7) પ્રશ્ન પૂછનાર :- તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ / પ્રયુક્તિ કરતાં ?

શિક્ષક :- વિષયનું રસપ્રદ અધ્યાપન માટે કથન પદ્ધતિ , ચિત્રો , ચાર્ટનો ઉપયોગ કરતાં હતા

8) પ્રશ્ન પૂછનાર :- એક શિક્ષક તરીકે તમે કેવું જીવન જીવવાનું પસંદ કરશો ?

શિક્ષક :- એક શિક્ષક તરીકે આધુનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જીવન જીવવાનું પસંદ કરું છું.

પ્રશ્ન પૂછનાર :- વિદ્યાર્થી-શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

શિક્ષક :- વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે મિત્રતાનો સંબંધ હોવો જોઈએ. એક શિક્ષક તરીકે વિદ્યાર્થીને સમજવાનો પ્રયત્ન કરું છું. કારણ કે વિદ્યાર્થી માટે એની પરિસ્થિતિ, સમાજ પણ જવાબદાર હોય છે.

પ્રશ્ન પૂછનાર :- એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો?

શિક્ષક :- સમાજનાં ઉત્કર્ષ માટે વિદ્યાર્થીઓને સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપુ છું. તેમજ તેમને આર્થિક મદદ પણ કરું છું.

પ્રશ્ન પૂછનાર :- તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

શિક્ષક :- હા, હું મારા વ્યવસાયથી એકદમ સંતુષ્ટ છું.

પ્રશ્ન પૂછનાર :- તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવો જણાવો.

શિક્ષક :- મારા આજ સુધીના શિક્ષણકાર્યમાં પ્રથમ વર્ષે નોકરીમાં જોડાયો ત્યારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો અયોગ્ય વ્યવહાર એ મારો યાદગાર અનુભવ છે.

પ્રશ્ન પૂછનાર :- તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું ?

શિક્ષક :- મને ભણવામાં નાનપણથી જ શોખ હતો. મારા મમ્મી-પપ્પાનુ સપનું હતું કે હું શિક્ષક બનું એ પૂરી કરવાની મારી તમન્ના હતી. હું એક પ્રોફેસરની લાયકાત ધરાવું છું, છતાં મને શિક્ષકની નોકરી મળી જે મેં ઉમળકાથી સ્વીકારી અને આજે મારી નોકરીમાં મને આનંદ આવે છે.

નામ :- સુથાર પાયલબહેન વી.
વર્ગ :- S.Y. B.Ed (S-3)
રોલ નં :- 22
અધ્યાપન પદ્ધતિ :-
1) સામાજિક વિજ્ઞાન
2) અર્થશાસ્ત્ર

* આદર્શ શિક્ષકનું નામ :- શ્રી રાઠોડ રાકેશભાઈ
* તાલીમાર્થીનું નામ :- ચૌધરી આશિનીકુમારી બાઈ.

1. તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો. તમારું રોલ મોડેલ કોણ છે?

હા, હું શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરું છું જેમાં મારા રોલ મોડેલ તરીકે એ.પી.જે. અબ્દુલ કલામ રહ્યા છે.

2. તમારો વાંચન શોખ કેવો છે? તમને કયા પ્રકારનું વાંચન કરવું ગમે?

→ વાચનનો શોખ સામાન્ય પ્રકારનો છે. વધુ વાચન હું વર્ગખંડમાં વિષયવાર અભ્યાસ કરાવવા માટે તૈયારીના ભાગરૂપે કરું છું. રોજબરોજની બનતી ઘટનાઓ વિશે વાચન ગમે છે.

3. શિક્ષક તરીકે તમે તમારામાં ક્યાં ગુણો વિકસાવ્યા છે?

→ મારા કે યોગ્ય શિક્ષકને જે જરૂરી હોય તેવા સર્વ ગુણો વિકસાવવાની ઈચ્છા રાખું છું જેમાં નિયમિતતા સક્રિયતા, તટસ્થતા, ઉત્સુકતા, જેવા ગુણો વિકસાવ્યા.

4. સારા શિક્ષક બનાવવામાં તમને કયાં પ્રકારનાં સંઘર્ષો કરવા પડ્યા ?

→ આજના આધુનિક સમયમાં સારા શિક્ષક બનવા માટે ખૂબ જ વાચનની જરૂર છે. વિદ્યાર્થીઓ શિક્ષક પાસે બધા જ વિષયની જાણકારીની અપેક્ષા રાખતા હોય છે. આથી તેમને ભાથું વહેંચવા માટે પોતે સક્ષમ બનવું પડ્યું. બી.એડ કર્યા પછી બીજા જ વર્ષે કુંવારી શાળામાં શિક્ષક તરીકે સેવા બજાવી ત્યાર બાદ ત્રણ વર્ષ બાદ કુંવારી શાળામાં જ રૂબરૂ મુલાકાત દ્વારા ગુજરાતી, હિન્દી ના વિષય શિક્ષક તરીકેની પસંદગી થઈ. આથી બે કે ત્રણ વર્ષમાં જ ફક્ત સંઘર્ષો કરવાં પડયાં હતા.

5. તમારામાં રહેલી બે સારી બાબતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણાદાયી હોય.

→ 1] હું દરરોજ વિદ્યાર્થીને અભ્યાસ કરાવતા પહેલા મારા વિષયની બરાબર યોગ્ય તૈયારી કરું છું.

2] શિક્ષક માટે સમયપાલન એટલે કે સમયનું આયોજન ખૂબ જ જરૂરી છે જેની હું ખૂબ જ કાળજી રાખું છું.

તમારા મતે શિક્ષણ એટલે શું ? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો ? કોઈ સૂચન કે સુધારો ?

→ શિક્ષણ એટલે મારા મતે વ્યવસ્થિત, આયોજનબદ્ધ જીવન જીવવાની કેળવણી. જે આજના શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. એના વિશે તત્કાળ કશું કહેવું યોગ્ય નથી. દરેક નિર્ણયોની ફળશ્રુતિ 10 વર્ષ પછી નક્કી થતી હોય છે.

3. તમારા વિષયનું અસરકારક અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ - પ્રયુક્તિ કરતા ?

→ મારા વિષયનું અસરકારક અધ્યાપન કાર્ય કરવા માટે વધુમાં વધુ દૃશ્ય - શ્રાવ્ય સાધનોના ઉપયોગ, ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપવાનો પ્રયાસ કરું છું.

4. એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરો છો ?

→ એક શિક્ષક તરીકે હું એવું જીવન જીવવા ઇચ્છું છું કે જેથી સમાજના દરેક - દરેક વર્ણના, ધર્મના લોકો મારા જીવનની પ્રેરણા લે. આદર્શભર્યું જીવન.

વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

વિદ્યાર્થી અને શિક્ષક સાથેનો સંબંધ ખૂબ જ તાદાત્મ્ય સભર, લાગણીસભર હોવો જોઈએ.

એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવાં કાર્યો કરવા ઈચ્છો છો ?

એક શિક્ષક તરીકે સમાજમાંથી આવનાર દરેક વિદ્યાર્થીને સમાજને ઉપયોગી અને તે માટે પ્રેરિત કરવાની ઈચ્છા ધરાવું છું.

તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો ?

શિક્ષક તરીકેના પવિત્ર વ્યવસાય, પવિત્ર કાર્યથી હું ખૂબ જ સંતુષ્ટ છું ખરેખર બધા જ સેવાકાર્યોમાં શિક્ષણનું કાર્ય ખૂબ જ ઉત્તમ અને ઉમદા છે એમ હું માનું છું.

તમારા અત્યાર સુધીના શિક્ષણકાર્યના યાદગાર અનુભવો જણાવો.

સતત ચાર વર્ષ સુધી શાળાનું 100% પરિણામ

…ર્યું હતું. સૌથી વધુ કલા-ગમતના ક્ષેત્રે વિદ્યાર્થીઓની …ોડ મિલાવી.

તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું?

ખરેખર આવું કંઈ તો અભ્યાસ કરતાં કરતાં હું ક્યારે શિક્ષક બની ગયો. કોઈ પણ પૂર્વ આયોજન ન હતું પરંતુ આ સેવાકાર્યમાં જોડાયા પછી હું પોતાની જાતને ખૂબ જ ધન્ય સમજું છું.

પિયુષાબેન સુરેન્દ્રસિંહ રેવર

Roll No- 47

S.Y. B.Ed (sem- III

-: શિક્ષક સાથે સંવાદ :-

આદર્શ : મનિષાબેન મનિષભાઈ પટેલ.

1) તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો; તો તમારુ રોલ મોડેલ કોણ છે? શા માટે?

⇒ હીનાબેન વાડિયા (તેમના સ્કૂલ શિક્ષક) તેમના રોલ મોડેલ હતા, કારણ કે, તેઓ હંમેશાં તેમને કહેતા હતા કે "હંમેશા સ્કૂલના કાર્યના બધા ત્યારે નિર્ણય હંમેશા વિદ્યાર્થીને ધ્યાનમાં લઈને જ લેવો" કે જેને એમણે પોતાનો નિયમ બનાવ્યો છે.

2) શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણ વિકસાવ્યા છે?

⇒ શિક્ષક તરીકે પહેલો ગુણ એ ક્લાસને નિયંત્રણમાં રાખવો તે વિકસાવ્યો છે. શક્ય હોય ત્યાં સુધી વર્ગના તમામ વિદ્યાર્થીઓને ન્યાય આપવા પ્રયત્ન કરો છો. જે વિદ્યાર્થીઓ વર્ગમાં નબળાં હોય તેમને નામ લઈને

બોલાવવા, તેમની સાથે મિત્રતા ભર્યા સંબંધ રાખવા જેથી તેઓ પોતાની વ્યક્તિગત સમસ્યા પણ વ્યક્ત કરતાં અચકાય નહિ.

3) તમારો વાંચનનો શોખ કેવો છે? કયા પ્રકારનું વાંચન કરવું ગમે છે?

⇒ વાંચન કરવું ગમે છે. નિયમિત વાંચન કરું છું, પ્રેરણાદાયી, સોશિયલ અફેર્સ, ટૂંકી વાર્તાઓ વાંચવી વધુ ગમે છે જે પ્રેરણા આપે છે.

4) સારા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો?

⇒ સારા શિક્ષક બનવામાં સૌથી પહેલા વર્ગમાં શિસ્તતા જાળવવી. શિસ્તતાને કારણે વિદ્યાર્થીઓમાં નિયમિતતા આવે. નિયમોમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ન થાય કારણ કે જે તે નિયમો વિદ્યાર્થીઓના હિતમાં જ હોય છે. તોફાની છોકરાઓ હોય તો આપણામાં એટલી સહનશક્તિ હોવી જોઈએ કે તેને આપણી તરફ વાળવા પ્રયત્ન કરવો જોઈએ. નહિતર તેમનામાં અને આપણામાં કંઈ પણ તફાવત જ ન રહે.

5) તમારામાં રહેલી જે સારી વાતો / લક્ષણો કે જે અમારા માટે પ્રેરણાદાયી બની રહે.

⇒ ગ્રુપમાં રહેલી સારી બાબતો કે હંમેશાં હકારાત્મક રહે છે, જ્યારે પણ કામ હોય ત્યારે હંમેશાં મદદરૂપ અને હંમેશા હસતા ચહેરે જ હોય. વર્ગમાં જતા પહેલા હંમેશા 2 થી 3 કલાકનું વાંચન કરવુ જેથી પોતાના વિષય પર પ્રભુત્વ રહે છે. અને પાઠ આયોજન કરીને જ વર્ગમાં પ્રવેશવું. હંમેશાં કોઈ પણ કામ માટે મહેનતુ છે.

6) તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કરી શકો? કોઈ સૂચન કે સુધારો?

⇒ આજે વાલીઓએ પોતાના બાળક માટે જાગૃત થવાની જરૂર છે. વાલીએ તેમને સમજવા, તેમને પૂરતો સમય આપવો જોઈએ. તેમની સાથે દિવસ દરમિયાન જે કંઈ પણ કર્યું હોય તે અંગે વાતચીત કરવાની જરૂર છે. જેથી તેમની વચ્ચે જે એક ડિફરન્સ છે તેને ઘટાડી શકાય. વાલીઓએ પોતાના બાળકના મિત્ર બનીને રહેવું જોઈએ. દરેક વ્યક્તિ ભૂલ કરે છે જે તેથી તેમને ઠપકો આપવાને બદલે

તેમને સાંભળવા, તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવો મોઈસો જેથી તે ભવિષ્યમાં કોઈ પણ વાત કહેતા ગભરાય નહિ, નાસીપાસ ન થાય કે શૂડ ન બોલે. આવી પરિસ્થિતિમાં તે પોતાના વાલીને શોધે નહિ કે કોઈ બીજાને.

૧) તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરો છો?

⇒ જો કોઈ અઘરો ટોપિક હોય તો કંઈક રમૂજ રજૂઆત કરવી, કોઈ પ્રેરણાદાયી બોક કહે છે. રિસેસ પછી જો પિરિયડ હોય તો તેમને હળવી કસરત કરાવે છે કે ૩ મિનિટ માટે ઊંડા શ્વાસ, રિલેક્સ કરવા. રિસેસ પછી પિરિયડ હોય તો કલાસ કંટ્રોલ કરવા તેમના મગજ શાંત કરવા જરૂરી હોય છે. જો બે પિરિયડ સાથે હોય તો થોડી વાર પુરતા બેન્ચ પર માથું મુકીને શાંત કરે.

૬) એક શિક્ષક તરીકે તમે કેવુ જીવવાનું પસંદ કરશો?

⇒ તેમના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓ કે એવો ખુબ ઊંચી પોસ્ટ પર હોય ડોક્ટર, એન્જીનીયર હોય.

જ્યારે પણ તેઓ મેડમને મળે છે ત્યારે તરત આવીને તેમને પગે લાગે છે કે જે તેમની સિદ્ધિ છે.

૩) વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનાં તમારો અનુભવ જણાવો.

⇒ થોડા દિવસો પહેલા જ જ્યારે તેઓ સાંજે ચાલવા નીકળ્યા હતા ત્યારે એક છોકરો દોડતો - દોડતો આવ્યો અને મેડમને પગે લાગ્યો કે જે પોતે હોમિયોપેથીનો ડોકટર બની ગયા હતા.

⇒ મેડમના પતિ ગયા પછી મેડમ થોડા ડિપ્રેસ થઈ ગયા હતા અને તે દરમિયાન મેડમને લગભગ 700 જેટલા વિદ્યાર્થીઓના મેસેજ આવ્યા. વિદ્યાર્થીઓ પોતે મળવા ગયા. (જેમાંથી હું પણ એક હતી.) હતા અને મેડમને કીધુ કે તમે શું કરવા ચિંતા કરો છો અમે બેઠા છીએ. અડધી રાત્રે પણ ફોન કરશો તો પણ અમે આવશું. ઘણાં વિદ્યાર્થીઓએ તો આર્થિક રીતે સહાયની પણ વાત કરી હતી. મેડમના કહેવા પ્રમાણે કે ઘણા તેમની સાથે કામ કરતાં શિક્ષકો હોય તો વિદ્યાર્થીઓ મોં ફેરવી લે છે જ્યારે તેમને હંમેશાં વિદ્યાર્થીઓનો

મારા સંસ્કાર સાચવ્યાં છે કે જે લોકોને તે કુટુંબની બહાર લાવવામાં ઘણી મહત્વપ ની. હું બાળકો લોકો માટે ગર્વની લાગણીમાં અનુભવ થયો હતો.

(10) એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો?

⇒ એક શિક્ષક તરીકે માત્ર શિક્ષણ ન આપતા તેમને એવા સંસ્કાર આપે કે જેથી લોકો પોતાની જવાબદારી તો પોતે સાચવે. આજના યુવાનને જો તેવી રીતે સાચવવામાં આવે તો ચોક્કસ સમાજ સચવાશે.

(11) તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

⇒ હા, ખુબ જ.

(12) તમારા અત્યાર સુધીના શિક્ષણકાર્યના યાદગાર અનુભવ જણાવો.

⇒ મેડમ જ્યાં પણ જાય ત્યાં તેમના જુના વિદ્યાર્થીઓ દ્વારા તેમને માન મળે છે. ગુરુ પૂર્ણિમા, જન્મ દિવસ અને શિક્ષકદિનના દિવસે વિદ્યાર્થીઓ ચોક્કસ રીતે યાદ રાખીને શુભેચ્છાઓ પાઠવે ત્યારે ખુબ જ ગર્વ અનુભવે છે.

(3) તમે શિક્ષક થવાનું જ શા માટે પસંદ કર્યું ?

⇒ શિક્ષક બનવાનું ક્યારેય લક્ષ્ય ન હોતું. એમણે કંપનીના કામમાં જ આગળ વધવું હતુ પણ કદાચ નસીબ માં એવો કરવાનું લખ્યું હશે એટલે આજે તેઓ શિક્ષક છે. પરંતુ તેઓ માને છે કે શિક્ષક બનવું એ તેમની માટે ગર્વની બાબત છે.

# શિક્ષક સાથેનો સંવાદ

શાળાનું નામ:- કોસમડી મદ્રેસા પ્રાથમિક/માધ્યમિક શાળા
શિક્ષકનું નામ:- પાઠક પવનકુમાર
શૈક્ષણિક લાયકાત:- B.SC, M.SC, B.Ed.

પ્રશ્ન પૂછનાર : તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો, તમારું રોલ મોડેલ કોણ છે?

શિક્ષક : ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

પ્રશ્ન પૂછનાર : શા માટે?

શિક્ષક : કારણ કે તેઓએ ISRO ની સ્થાપના કરી. તેમજ તેઓ ભારતમાં સ્પેસ સેન્ટર ખોલ્યું છે.

પ્રશ્ન પૂછનાર : તમારો વાંચન શોખ કેવો છે?

શિક્ષક : મને વાંચવાનો શોખ વધુ છે. કારણ કે એનાથી સ્પષ્ટતા જે-તે વિષયવસ્તુ માટે વધે છે.

પ્રશ્ન પૂછનાર : તમને કયા પ્રકારનું વાચન કરવાનું ગમે છે?

શિક્ષક : મને વિજ્ઞાન વિષયનું વાચન કરવાનું ગમે છે. મને જેમાં વિજ્ઞાનની પ્રવૃત્તિ અને વર્તમાનકાળ શોધખોળની માહિતી મળી રહે. જેથી તેને હું શિક્ષણકાર્યમાં સાંકળી શકું છું.

પ્રશ્ન પુછનાર: તમે આનાં માટે કેવાં મેગેઝીનો વાંચો છો?

શિક્ષક : હું આના માટે સહકારી અને વિજ્ઞાનદર્શન મેગેઝીન વાંચુ છુ.

પ્રશ્ન પુછનાર : શિક્ષક તરીકે તમે ક્યાં ગુણો વિકસાવ્યાં છે

શિક્ષક : શિક્ષક તરીકે મેં મારી સ્પીચ પર પકડ મેળવી છે, વિષયવસ્તુ સમજાવવાની રીત સારી રીતે શીખી છે તેમજ નિદર્શન અને પ્રાયોગિક પદ્ધતિ વિકસાવી છે, તથા અપમાનને અવગણવું શીખ્યું છે.

પ્રશ્ન પુછનાર : સારા શિક્ષક બનવામાં તમને ક્યાં મુશ્કેલ પ્રકારનો સંઘર્ષ કરવો પડશે?

શિક્ષક : સારા શિક્ષક બનવા માટે મારે ટેકનોલોજીને સમજવી પડશે કારણ કે મને એના વિશે જ્ઞાન નથી. કઈ રીતે વાપરવું એને શીખવાડવું તેમજ વિદ્યાર્થીઓનો સહકાર મેળવવા માટે સંઘર્ષ કરવો પડશે.

પ્રશ્ન પુછનાર : તમારામાં રહેલી એ સારી વાતો / લક્ષણો જણાવો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની રહે?

શિક્ષક : હું મારા વિશે એ બાબત સારી માનું છું કે એક જ વિષયવસ્તુ વારંવાર સમજાવી શકુ છુ જ્યાં સુધી વિદ્યાર્થીઓને ખબર નો પડે. તેમજ બને ત્યાં સુધી નવી પદ્ધતિ સમજાવવામાં માનું છું.

પ્રશ્ન પુછનાર : તમારા મતે શિક્ષણ એટલે શું?

શિક્ષક : મારા મતે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે પારસ્પરિક દ્વિધ્રુવી પ્રક્રિયા છે. જેમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એકાગ્રતા જળવાઈ રહે.

પ્રશ્ન પુછનાર : આજના શિક્ષણના માહોલ વિશે તમે શું માનો છો?

શિક્ષક : આજનું શિક્ષણ પહેલાં કરતું અઘરું બની ગયું છે. પરંતુ તે વાસ્તવિક જીવનમાં વધુ ઉપયોગમાં આવતું નથી.

એમ ભાર વિનાનું ભણતર કરવામાં આવ્યું છે પરંતુ ભાર વધી ગયો છે.

પ્રશ્ન પુછનાર : આના માટે કોઈ સૂચન કે સુધારો શું હોઈ શકે

શિક્ષક : એ આજના વાલીઓ અને શિક્ષકો માં જાગૃતિ આવે તેમજ શિક્ષણ જગતના ઉપરી અધિકારીઓ યોગ્ય લાયકાત અને સમજણ વી ઉચ્ચકક્ષાના હોય.

પ્રશ્ન પુછનાર : તમારા વિષયનું સમૃદ્ધ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ નો ઉપયોગ કરશો

શિક્ષક : હું મારા વિષયને અનુલક્ષીને પ્રાયોગિક કાર્ય કરાવીને તેમજ વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કરીશ

જેથી વિદ્યાર્થીઓને તે પ્રાયોગિક રીતે પણ આવડે તથા પોતાના શૈક્ષિક જીવનમાં તેનો ઉપયોગ કરતાં શીખી શકે.

પ્રશ્ન પુછનાર : એક શિક્ષક તરીકે તમે કેવું જીવન જીવવાનું પસંદ કરશો?

શિક્ષક : હું શિક્ષક તરીકે સાદું જીવન જીવવાનું પસંદ કરીશ. ત્યાગી, સહનશીલ અને દયાળુ રીતે જીવન જીવવાનો આગ્રહ રાખીશ.

જેથી વિદ્યાર્થીઓ પણ ખોટાં માર્ગે ન ચાલે. અને એકબીજાના જીવનમાં થોડો ઘણો પણ સુધારો લાવી શકે.

પ્રશ્ન પુછનાર : વિદ્યાર્થી શિક્ષકના સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

શિક્ષક : મારા અત્યાર સુધી વિદ્યાર્થી સાથેના સંબંધોના અનુભવ સારા અને ખરાબ બંને છે.

પ્રશ્ન પુછનાર : સારો અનુભવ મારી સાથે વાગોળશો?

શિક્ષક : એક વિદ્યાર્થીને મેં એકવાર તેને કરેલ ભૂલ માટે ઠપકો આપ્યો હતો. બીજા દિવસે તે મને વ્યક્તિગત રીતે મને મળીને તેના માટે માફી માંગી. અને મને વચન આપ્યું કે હવે એ ભૂલ ફરી કરશે નહિ.

પ્રશ્ન પૂછનાર : એ ભૂલ કઈ હતી?

શિક્ષક : એ વિદ્યાર્થી વ્યસન કરતો હતો. હું એ તેના માટે તેને વ્યસન કરવાથી થતા ગેરફાયદા સમજાવ્યા અને તે સમજી ગયો.

પ્રશ્ન પૂછનાર : ખરાબ અનુભવ?

શિક્ષક : એકવાર પરીક્ષા ચાલી હતી અને પરીક્ષા શરૂ થતાં પહેલાં વર્ગખંડની બહાર એક વિદ્યાર્થી આવીને મને કહ્યું સર મને આ આવડતું નથી. આ પેપર મને ખુબ અઘરું લાગે છે. કારણ કે આ ગણિત વિષયમાં મને વધારે સમજ પડતી નથી.
હું એ કહ્યું, વાંધો નહિ. ચિંતા ન કર. જેટલું આવડે એટલું ધ્યાનથી અને શાંતિથી લખજે. બાકીનું બધું હું જોઈ લઈશ.

પરીક્ષાનું પરિણામ આવ્યું તો એ નાપાસ થયો હતો. આચાર્યને એને એમ કહ્યું કે સર મને કીધું હતું કે હું જોઈ લઈશ. પણ મેં આ અર્થમાં એને ખોટું કહ્યું. પરંતુ તેને શાંત કરવા અને પ્રોત્સાહન આપવા માટે કહ્યું હતું.

પ્રશ્ન પૂછનાર : એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા પ્રકાર કાર્યો કરવા ઈચ્છો છો?

શિક્ષક : હું વૃક્ષારોપણ, નિરક્ષર લોકો માટે રાત્રિવર્ગ, કોઓર્ડિનેટર, સ્વચ્છતા અભિયાન અને વિવિધ

સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા ઇચ્છું છું.

પ્રશ્ન પુછનાર: તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો?

શિક્ષક : હા, કારણ કે આ મારો શોખ છે.

પ્રશ્ન પુછનાર : તમારા અત્યાર સુધીના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવો કહો.

શિક્ષક : એકવાર પી.પી. સવાણીમાં જ્યારે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા લેવા માટે ગયો હતો ત્યારે આખા વર્ગખંડમાં માત્ર હું જ શિક્ષક હતો. ત્યારે મને ત્યાંના પ્રિન્સિપલ સરે સન્માનિત કર્યો હતો.

પ્રશ્ન પુછનાર : તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું?

શિક્ષક : હું બાળકોને યોગ્ય શિક્ષણ મળી શકે તે માટે તેમજ એક શિક્ષક તરીકે હું આપણી શિક્ષણ પદ્ધતિમાં થોડો ઘણો પણ સુધારો લાવી શકું.

આ વાર્તાલાપ પરથી મને શિક્ષકનું જીવન કેવું હોવું જોઈએ તેમજ શિક્ષણકાર્ય કેવી રીતે રસપ્રદ બનાવી શકાય તેનો ખ્યાલ આવ્યો તથા શિક્ષક તરીકે કેવો સ્વભાવ હોવો જોઈએ વગેરેનો ખ્યાલ આવ્યો. જે શિક્ષક સાથે મેં વાર્તાલાપ કર્યો તે શિક્ષક હું કોસમડી મદ્રેસા પ્રાથમિક/માધ્યમિક શાળા જ્યાં ઈન્ટર્નશીપમાં છું ત્યાંના શિક્ષક છે. તેમનાં વાર્તાલાપમાં તેમના પાસેથી મળેલા ઉત્તરો પરથી હું એમ કહી શકું છું. તેમનું શાળાનું જીવન હું એ જોયું છે. તેમજ તેમનાં વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમિયાન હું એ તેમના તાસમાં બેસીને પાઠનું અવલોકન કર્યું છે.

આ એક પ્રકારનું ઈન્ટરવ્યુ જ કહી શકાય. આ કાર્ય કરવાથી મને થોડું ઘણું ઈન્ટરવ્યુ કેવી રીતે લેવાય તેનો મને આછો-પાતળો ખ્યાલ આવ્યો. અધ્યાપકોએ મને આ કાર્ય માટે પસંદ કરી તેના માટે હું તેમની આભારી છું તેમજ વાર્તાલાપ કરનાર પાઠક પવનકુમારનો આભાર માનું છું.

નામ :- પટેલ હેતલબેન ઠાકોરભાઈ.
વર્ગ :- S.Y. B.Ed
રોલ નં :- 40
અધ્યાપન પદ્ધતિ :- વિજ્ઞાન અને ટેક્નોલોજી
ગણિત.

# College Of Education . kharod

નામ :- પટેલ બિનલકુમારી ઉત્તમભાઈ
- એસ. વાય. બી. એડ (સેમ-૩)
રોલ નંબર :- 30

શૈક્ષણિક પદ્ધતિ :- 1) નામાનાં મૂળતત્ત્વો
2) અર્થશાસ્ત્ર

* આદર્શ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંવાદ હસ્તલિખિત અંક તૈયાર કરવાના એક ભાગ રૂપે.

આદર્શ શિક્ષક તરીકે :- પટેલ રાજેન્દ્રભાઈ એચ.

હાલ - પ્રાથમિક શાળા - ભાદી
આચાર્ય પદે ફરજ બજાવે છે.

માર્ગદર્શક શ્રી :- રાઠવા કવિતાબેન
- ગ્રંથપાલ

1) તમે શિક્ષક તરીકે ભૂમિકા અદા કરી રહ્યા છો? તમારુ રોલ મોડેલ કોણ છે. શા માટે?

→ હું રાજેન્દ્રકુમાર સોમા પટેલ, મુખ્ય શિક્ષક પ્રાથમિક શાળા ભાહી માં ફરજ બજાવી રહ્યો છું. મારુ રોલમોડેલ ગિજુભાઈ બધેકા કે જેમના દિવાસ્વપ્ન પુસ્તક થકી હું બાળકો ને સરળતા થી શિક્ષણ કરાવવા ની પદ્ધતિ પ્રયુક્તિ ની પ્રેરણા મેળવી શક્યો છું. અને એમના પ્રયોગો રૂપે શૈક્ષણિક કાર્ય કરાવતા હું આત્મસંતોષ અનુભવું છું.

2) તમારો વાચન શોખ કેવો છે? કયા પ્રકાર નું વાચન કરવુ ગમે છે?

→ હું લાંબુ અને નવલકથા પ્રકાર નું વાચન નો શોખ ધરાવું છું. જ્યોતિન્દ્ર દવે નાં રમુજી કિસ્સાઓ વાચવુ અને ગમે છે. નવલકથા, અસ્પેન્ડ સ્ટોરી, તેમજ ધાર્મિક પુસ્તકો નાં વાંચન થી શબ્દભંડોળ વધારી શક્યો છું.

3) શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા છે.

→ શિક્ષક તરીકે મેં સૌપ્રથમ નિયમિતતા નો ગુણ વિકસાવ્યો છે. નિયમિતતા, સમયપાલન, નો હું આગ્રહી છું. વિષય વસ્તુ ની તૈયારી, બાળકો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર, સારા સુટેવકો નો ઉપયોગ કરવો તેમજ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ વગેરે ગુણો થકી હું બાળકો સાથે કામ કરી રહ્યો છું.

4) સારા શિક્ષક બનવામાં તમને કયા પ્રકાર નો સંઘર્ષ કરવો પડ્યો?

→ સારા શિક્ષક બનવા માટે વિદ્યાર્થીઓનાં સમાજ, વાણી, વિચાર, પરિસ્થિતિને સમજ્યા બાદ જ બાળકો સાથે સારું શિક્ષણકાર્ય થઈ શકે. સમાજનું સ્થાનિક જ્ઞાન કરી અભ્યાસક્રમ સિવાય પ્રવૃત્તિ-પ્રવૃત્તિ નું આયોજન થકી જ સારા શિક્ષક બની સારું શિક્ષણકાર્ય થઈ શકે.

5) તમારામાં રહેલી બે સારી વાતો કે જે અમારા માટે પ્રેરણારૂપ બની શકે?

→ (1) કોઈ પણ કામને કાલ ઉપર છોડવું નહિ. જે કામ હાથમાં લીધું તેને યેનકેન પ્રકારે પૂર્ણ કરવું.

(2) હંમેશા પોતાના જ્ઞાનમાં વધારો કરતા રહેવું. તમામ વિષયનો અભ્યાસું રહેવું.

6) તમારા મતે શિક્ષણ એટલે શું. આજના શિક્ષણનાં માહોલ વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારો?

→ મારા મતે શિક્ષણ એટલે જીવન જીવવાની કલા. બાળકને શીખતા શીખવવું એટલે શિક્ષણ. આજના શિક્ષણનાં માહોલ વિશે હું એટલું જ કહીશ કે ગોખણપટ્ટી કરી શિક્ષણને છોડી ને સમજણ કરી શિક્ષણનો વિકાસ થવો જોઈએ. બાળકને કોઈ પણ પ્રવૃત્તિ દ્વારા શીખતા શીખવે તે જ સાચું શિક્ષણ.

→ વધુ પડતો મોબાઈલનો દુરુપયોગ શિક્ષણને બગાડી રહ્યો છે.



triangel plus

તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરશો?

રસપ્રદ અધ્યાપન કાર્ય કરવા માટે સૌપ્રથમ બાળકની અંદર જે તે વિષય શીખવા માટે જીજ્ઞાસાવૃત્તિ જગાડવી પડે. ત્યારબાદ બાળકોને રસ પડે તે માટે dialogue, live demonstration, Rhymes, નો ઉપયોગ વધુ કરીશ.

એક શિક્ષક તરીકે તમે કેવું જીવવાનું પસંદ કરશો?

એક શિક્ષક તરીકે ગમે જીવવામાં આનંદ એ જ થશે કે બાળકને હું ન્યાય આપી શકીશ. આવા બાળકો ની વિકાસ-સમૃદ્ધિ થકી જ હું આનંદ મેળવી શકીશ. આવા વર્ગનાં વિદ્યાર્થીઓનાં શિક્ષણ વિકાસ થકી હું આત્મ-સંતોષ અનુભવી આનંદનું જીવન જીવન શકીશ.

વિદ્યાર્થી-શિક્ષક ~~તરીકે~~ નાં સંબંધ વિશેનો તમારો અનુભવ જણાવો.

વિદ્યાર્થી-શિક્ષક નાં સંબંધ મૈત્રીપૂર્ણ હોવા જોઈએ. વિદ્યાર્થીની સાથે મૈત્રીપૂર્ણ સંબંધ થી બાળન નાં માનસપર ઉપર શિક્ષકની અનેરી છાપ ઉપસી શકે છે. તેમજ એ વિદ્યાર્થી શિક્ષક ને કદી ભૂલતો નથી વિદ્યાર્થી હંમેશા શિક્ષક ને રોલમોડલ તરીકે રાખી જીવન જીવતો હોય છે. માટે મિત્ર તરીકે વિદ્યાર્થી-શિક્ષકની ખૂબ નજીક આવે છે.

1) એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો?

→ હું સમાજનાં ઉત્થાન માટે રચનાત્મક કાર્ય કરીશ. સમાજ માટે મદદરૂપ, સેવા, સત્કાર્યો, જેવા કાર્યો કરી સમાજને મદદરૂપ થઇશ. સમાજ માં ચાલતા ખોટા રીવાજો, અંધશ્રદ્ધા ને દૂર કરવા શક્ય તમામ પ્રયત્નો કરીશ. સમાજ નાં લોકો ને ગેરમાર્ગે દોરીશ નહિ. નવી પેઢી માં મૂલ્યો નાં વિકાસ થકી એક આદર્શ સમાજ અને સમૃદ્ધિ સમાજ ઊભો કરવા શક્ય તમામ પ્રયત્નો કરીશ

1) તમારા શિક્ષક તરીકે ના વ્યવસાય થી તમે સંતુષ્ટ છો?

→ હા, હું શિક્ષક તરીકે નાં વ્યવસાય થી સંતુષ્ટ છું. કારણ કે સમાજ માં માન, મોભો, આદર શિક્ષક તરીકે નાં વ્યવસાય થકી જ મેળવી શક્યો છું.

2) તમારા અત્યાર સુધી નાં શિક્ષણકાર્ય માં યાદગાર અનુભવો જણાવો.

→ વર્ષ- 2005 થી શિક્ષણ ની ~~[illegible]~~ તરાહ માં જોડાયા બાદ બાળકો આદિ નાં અનંત શિક્ષણકાર્ય નાં અનુભવો થયા છે.
- હું વર્ગ માં દાખલ થતો ત્યારે બાળકો આનંદ ની લાગણી અનુભવે છે.
- બાળકો હંમેશા મારા તાસની રાહ જોતા હોય એમ અનુભવ્યું છે.

પ્રાથમિક શાળા ગડાર, તા- વાલીયા માં બાળકો સાથે મેદાન માં વર્તુળ ની રમત રમાડવા મેદાન ઉપર ભાગવાની મને ખૂબ મજા આવી છે.

- પ્રાથમિક કન્યા શાળાની બાળાઓ સાથે વિજ્ઞાનનાં પ્રયોગો નું નિદર્શન કાર્ય મિત્રભાવપૂર્ણ છે

- પ્રાથમિક શાળા આદીનાં બાળકો ને Babool tree નો Lesson ખેતરમાં જઈને Babool tree ના નીચે બેસીને ભણાવવા નો આનંદ આજે પણ યાદ છે

(3) તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતું ?

→ હું બાળકો સાથે કામ કરવામાં આનંદ અનુભવતી હતી. મને બાળકોને ભણાવવું અને રમાડવાનું ખૂબ ગમે છે. વળી ભારતમાં રહેલા અને નબળા સમાજ ના વિકાસ તરફ સારા સમાજ ની રચના કરવાનું શિક્ષણ માં વ્યવસાય થકી જ શક્ય છે. બાળકોમાં મૂલ્યો નો સંચાર કરી ગામ- સમાજ- દેશ માં સાક્ષરતા નું ઓછું વધારવા માટે મેં શિક્ષણ ક્ષેત્ર પસંદ કર્યું.

નામ:- દેવેન્દ્રભાઈ સોલંકી



## શિક્ષક સાથે સંવાદ.

*~~~*~~~*~~~*

1. તમે શિક્ષકની ભૂમિકા સ્વયં કરી શકતા હો. તમારું રોલ મોડેલ કોણ છે? ? શા માટે?

=> મહેકતા બહેન. (J.Z. Shah. હાયરસેકન્ડરી કોલેજ).

2. તમારો વાંચન શોખ કેવો છે કેવા પ્રકારનું વાંચન કરવા ગમે છે.

=> હું મને વાંચવાનો શોખ છે. તેમજ મને ભગવદ્ગીતામાંથી નવલો વાંચવી. તેમજ ગુજરાતીનું તમામ સાહિત્ય સ્વરૂપો શોધ વાંચવાનું ગમે છે

3. શિક્ષક તરીકે તમે તમારામાં કયા કયા ગુણો વિકસાવ્યા છે.

=> શિક્ષક તરીકે મને અનુભવ દ્વારા તેમજ નવુ નવુ જાણવાની જિજ્ઞાસા એ વિદ્યાર્થીઓને કામમાં સાથે રહેવુ તેમજ, સમય પર પહોંચવાનું. કામ અધૂરુ ન રાખવાનું વગેરે.

4. સારા શિક્ષક બનવામાં તમને કયા પરિબળો સહાય

મારે થોડો ઓછો પ્રયાસ કરવું પડે છે કારણ કે મારા વિદ્યાર્થીઓને ગુજરાતી સમજવાર, લખાણવિરામ જેવા શબ્દો પણ સમજાય છે.

૬. તમારામાં રહેલી એ સારી ટેવો / વલણો બતાવો કે જે પ્રયાસ માટે પ્રેરણારૂપ બની રહે.

=> હા. મને દરેક વિદ્યાર્થીને ભણાવવાનું પસંદ છે. મારા મતે બધા જ વિદ્યાર્થી હોશિયાર છે અને દરેક વિદ્યાર્થી ભણવા માટે આવે છે તેથી હું તેમના ભણતર સાથે તેમના બાળકો ને પ્રશ્ન પૂછવાની ટેવ પાડું છું. તે પ્રશ્નો પૂરી કરવા પ્રયાસ કરું છું.

[illegible] ઘરની અંદર બહાર પણ છૂટ [illegible] [illegible] શાળાએ માટે [illegible] જોઈએ શીખવા [illegible] [illegible] [illegible] એની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવી જોઈએ.

ઘણા શિક્ષકોમાં એક જ વસ્તુ ધ્યાનમાં આવ્યું આપણો પ્રયત્ન આપણું શિક્ષણ જ આપણી જાતનું બનાવવા છે. માટે આપણા વિષયની પુસ્તકો તેમજ સામાન્ય જ્ઞાનની માહિતી વિદ્યાર્થીઓને આપતા રહેવું જોઈએ.

7. તમારા વિષયનું સ્પષ્ટ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ- પ્રયુક્તિ કરશો.

⇒ અધ્યાપન કરાવા માટે હું પહેલા દિવસ દરમિયાન કોઈ નવા સમાચાર કે કોઈ માહિતી જણાવી વિદ્યાર્થીનું ધ્યાન મારા તરફ કેન્દ્રીત કરીશ પછી મારા જે તે પાઠ હોય કે ગદ્ય તેની માહિતી આપતી કોઈ વાત કરીને વિદ્યાર્થીને તેના વિશે જાણવા માટે તૈયાર કરીશ.

8. એક શિક્ષક તરીકે તમે કેવુ જ્ઞાન મેળવવાનું પસંદ કરશો.

⇒ એક શિક્ષક તરીકે હું બસ એટલું વિચારું છું કે હું જ્યારે

૯. શિક્ષક-વિદ્યાર્થીના સંબંધ વિશેના તમારા અનુભવ જણાવો.

→ મારા વિદ્યાર્થીઓ મારા ભગવાન બરાબર છે. જેમ સમાજમાં કહેવાય છે કે કુમળા છોડને વાળો તેમ વળે તેમ વિદ્યાર્થીઓ સાથે સંબંધો સારા રાખી તેમની સંભાળ સારી આદતોમાં ભળે છે

૧૦. એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો.

→ હું ઇચ્છુ છું કે મારા વિદ્યાર્થીઓ ને સંસ્કારી ભાવના આદર્શ છે તે બાળકને પોતાની શાળા, કુટુંબ, પરિવાર, સમાજ અને દેશ માટે એક પ્રતિષ્ઠિત કાર્ય કરે. હું ગર્વ અનુભવુ કે આ વિદ્યાર્થીને મેં ભણાવ્યો હતો.

૧૧. તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો

→ હા, હું શિક્ષક તરીકેની નોકરીથી સંતુષ્ટ છું કારણ કે હું ભૂલકા બાળકો સાથે કામ કરીને તેમનું ભવિષ્ય બનાવું છું.

12 તમારા સેવા-સમય દરમ્યાન શિક્ષણ કાર્યના યાદગાર અનુભવ જણાવો.

→ મારા શિક્ષણકાર્યનો યાદગાર અનુભવ છે કે મારી નોકરીનું પ્રથમ વર્ષ હતુ. ધો-11 માં ફરીથી પ્રવેશ મેળવનાર કોઈ એક છોકરો હતો જે ભણવામાં હોશિયાર હોવા છતા ઘરની પરિસ્થિતિને કારણે ભણવાનું છોડી દેવાનો હતો તેને મેં ફરી અહીંને તેમજ પ્રોત્સાહન આપીને 12 પાસ કરાવી દીધો. હવે એ સારી તે નોકરી કરે છે

13. તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું ?

→ દેશનો વિકાસ વિદ્યાર્થી દ્વારા થાય છે. પણ એમજ એમનાં પરિવારનો વિકાસ પણ ભણેલા વ્યક્તિ દ્વારા જ થાય છે. માટે મેં શિક્ષક બનીને મારા પરિવારનું

તાલીમાર્થીનું નામ :- પટેલ તબસ્સુમ વાથ.
આદર્શ શિક્ષકનું નામ :- પટેલ ભાવિકસર

[ તેઓ સાર્વજનિક હાઈસ્કૂલ - કાવીમાં સેવા આપી રહ્યા હતા.

હાલ તેઓ પ્રાથમિક શાળા - ખરોડ માં પ્રિન્સીપલ તરીકે સેવા આપી રહ્યા છે

તેઓ મુખ્ય ગણિત - વિજ્ઞાન શિક્ષક હતા. ]

માર્ગદર્શક શ્રી :- રાઠવા કવિતાબેન
(ગ્રંથપાલ)

તમે શિક્ષકની ભૂમિકા અદા કરી રહ્યા છો? તો તમારા રોલ મોડલ કોણ છે?

હું મારા કોલેજના અધ્યાપક શ્રી 'પ્રધાન સર' ને મારા રોલ મોડલ માનું છું. પ્રધાનસર કે જેઓ હંમેશા અધ્યાપન કરાવવા તત્પર રહેતા. તેઓ એક-શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ હંમેશા રાખતા. તેઓ વિદ્યાર્થીઓ સાથે હંમેશા મૈત્રી ભાવથી રહેતા સાથે જરૂર જણાય ત્યાં ઠપકો પણ આપતા. પ્રધાન સર ફક્ત વિદ્યાર્થીઓને પર્સનલ ઓળખતા એમ નહિ પરંતુ તેઓ વિદ્યાર્થીઓની ફેમિલી સાથે વિશે પણ જાણતા.

તમારી વાંચન શોખ કેવો છે? ક્યાં પ્રકારનું વાંચન કરવું ગમે?

હું શૈક્ષણિક અને ધાર્મિક પ્રકારના પુસ્તકો વાંચવાનું વધુ પસંદ કરું છું. શૈક્ષણિક પુસ્તકો જેવા કે અધ્યાપન પ્રક્રિયા 'અધ્યાપન પ્રક્રિયા', 'શિક્ષણ માં ટેકનોલોજી' અને એમા પણ મને ગમતુ પુસ્તક એટલે કે 'દિવાસ્વપ્ન'.

ધાર્મિક પુસ્તકોમાં ભુવાન ભગવાનની ઉત્કૃષ્ટ ઝાંખી કરી, દશઅવતાર વગેરે... અને 'સ્વામીવિવેકાનંદન જીવનચરિત્ર' આ પુસ્તક મને ખુબ પસંદ છે.

[illegible]
વર્તન , રકોર્ડ - ગાઈડ દરેક સહઅભ્યાસીક
પ્રવૃત્તિમાં રસ દાખવું છું. અને આ તમામ
ગુણો મેં એક શિક્ષક તરીકે મારામાં
વિકસાવ્યા છે.

સારા શિક્ષક બનવામાં તમને કયાં પ્રકારના
સંઘર્ષો કરવા પડ્યા ?

સંઘર્ષોનો વિચાર કર્યો વગર કામ કરતો
ગયો છે. અને એ વિચાર માટે સમય જ
નથી. અને ધ્યાન કરુ તો સંઘર્ષોનો
સામનો કદી કરવો જ નથી પડ્યો.

તમારામાં રહેલી બે સારી વાતો / લક્ષણો
જણાવો.

1. દરેક વ્યક્તિ અલગ છે જેવો છે એવો
તેનો સ્વીકાર કરું છું. → એ તેમનો

જિજ્ઞાસા ઊભી કરવી પ્રશ્ન સમસ્યાનું -
સમાધાન કરવું. આજના વિદ્યાર્થીઓ / શિક્ષકો
પુસ્તકીયા જ્ઞાનને શિક્ષણ માની બેસે છે.
→ પરંતુ શિક્ષણ એટલે જાતે તેવી પરિસ્થિતિ
ઊભી થાય તે કળા ખીલવવાની પ્રક્રિયા.

તમારા વિષયનું રસપ્રદ અધ્યાપન કરાવવા
તમે કેવી પ્રયુક્તિ કરતા?

હું C ભાષા વિષયનું રસપ્રદ અધ્યાપન કરાવવા
વિષયપ્રવેશને સૌથી વધારે મહત્ત્વ આપતો.
પ્રવૃત્તિઓ જેવી કે વાર્તા નાટક કે એક્સ
કે પ્રવૃત્તિ દ્વારા વિષય પ્રવેશ કરાવતો.
શીખવવા માટે સૌનિક વાર્તાનો ઉપયોગ કરતો.
ઉદાહરણ → ગ્રીન હાઉસ શીખવવા માટે સૌનિક વા

વધુ વ્યક્તિ સૌનિક બનાવવાનું વિચારે ...
જો વિચારે યુદ્ધ થાય તો યુદ્ધ
કરવા પડે તો ગોળી મારવી પડે,
જરૂર પડે, પરંતુ જરૂર પડે તો ગોળી મારવી
અને ખાવી પડે..... એ જ રીતે
કાર્બનડાયોક્સાઇડ વધે તો, ગરમી વધે, ગરમી
વધે તો ધ્રુવ પ્રદેશનો બરફ પીગળે, ધ્રુવ
પ્રદેશનો બરફ પીગળે તો નદીઓમાં પૂર આવે
બસ, આવી જ વાર્તાઓ, ઉદાહરણ
પુસ્તકો વગેરે દ્વારા મારા અધ્યાપન કાર્યને
વધુ ને વધુ રસપ્રદ બનાવતો.

એક શિક્ષક તરીકે તમને કેવું જુવવાનું પસંદ
કરશો?

હંમેશા ખુશનુમા જીવવાનું પસંદ કરીશ
હું બાળકો સાથે હોઉં ત્યારે
મારે જુવવાનું પસંદ કરીશ કરું
ત્યારબાદ આસ્તિકવાદ જીવવાનું પસંદ
કે મને જેમા આનંદ આવે એવું
વધુ પસંદ કરું છુ.

વિદ્યાર્થી - શિક્ષકના સંબંધ વિશેનો તમારો
અનુભવ જણાવો.

હું માનુ છું વિદ્યાર્થી - શિક્ષક વચ્ચે
સંબંધ આમ કહીએ પણ નહિ.

લેવા પ્રેરશે.

એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઇચ્છો છો?

હું માનુ છુ સમાજમાં જ વ્યક્તિનો ઉછેર થાય છે. અને સમાજ પાસેથી જ ઘણુ બધુ શીખે છે.
→ સામાજિક કાર્યો જેવા કે સમૂહલગ્ન, પુર રાહત કે સમાજની જરૂરિયાત પ્રમાણે હંમેશા મદદ કરવા ઇચ્છુ છુ.

તમારા શિક્ષક તરીકેના વ્યવસાયથી તમે - સંતુષ્ટ છો?
હા, હું શિક્ષક તરીકેના વ્યવસાયથી સંતુષ્ટ છુ.
પરંતુ હવે આચાર્ય બન્યા પછી થોડો અસંતોષ રહે છે, કે બાળકો સાથે પુરતો સમય નથી આપી શકતો.

તમારા અત્યાર સુધીના શિક્ષણકાર્યના યાદગાર અનુભવો જણાવો.

આમ તો મારા ઘણા અનુભવો છે વિદ્યાર્થીઓ સાથે જે યાદગાર છે. અને બાળકો હંમેશા મારા ક્લાસ માં ખુશ રહેતા. અને દરેક ક્લાસ લોકો ભણતા રહ્યા છે. પરંતુ 'ધાતુ - અધાતુ' ના રસાયણ ગુણધર્મો ભણાવ્યા હતા ત્યારે બાળકોને ખુબ મજા આવી હતી અને એ લાસ મારો ખુબ યાદગાર રહ્યો છે.

[ $Mg^{2+} + Cl^{-1} \rightarrow MgCl_2$ ]

↓

Explanation

Mg પુરુષ $Cl^-$ સ્ત્રી પુરુષ +2 નો હાર સ્ત્રી -1 પુરુષને પહેરાવીને લગ્ન કરે.

તમે શિક્ષક થવાનું શા માટે પસંદ કર્યું હતુ?

શોખ ભણાવવાનો પહેલેથી શોખ હતો. ધો-5 થી બીજા મારા મિત્રોને પણ ભણાવતો હતો. કોલેજમાં પણ બધા મિત્રોને શીખવતો હતો. અને સાથે કુટુંબમાં પણ પપ્પા શિક્ષક એટલે શિક્ષક બનવાની પ્રેરણા કુટુંબમાંથી મળી રહી છે. એટલે

## * શિક્ષક સાથેનો સંવાદ *

પ્રશ્નકર્તા :- હરિશા પટેલ

પ્રશ્નનાં ઉત્તર આપનાર :-

શિક્ષક સાથેની મારી વાતચીત સંવાદ સ્વરૂપે-

1:- તમે શિક્ષક ની ભૂમિકા અદા કરી રહ્યા છો? તમારો રોલ મોડલ કોણ છે? શામાટે?
→ ડૉ અબ્દુલ કલામ
→ કારણ કે તે આખુ જીવન સાદગી પૂર્ણ જીવન ગુજાર્યું

2:- તમારો વાંચન નો શોખ કેવો છે? ક્યાં પ્રકારનું વાચન કરવું ગમે છે?
→ ખૂબ સારુ
→ મારો વિષય (ગણિત વિજ્ઞાન) પર આધારિત પુસ્તકો

3:- શિક્ષક તરીકે તમારામાં તમે કયા ગુણો વિકસાવ્યા
→ વિદ્યાર્થીઓ જોડે આદાન-પ્રદાન કેવી રીતે કરવો રહો

સવાલ 5:- આશા શિક્ષક બનવામાં તમને કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડ્યો? શા માટે?
-> વિદ્યાર્થી ની રુચિ પ્રમાણે પોતાની વાણી, વર્તન, વ્યવહાર માં બદલાવ લાવવો પડે.
-> વિદ્યાર્થીઓને જ્ઞાન આપવા માટે વર્તમાન પ્રવાહથી માહિતગાર બનાવવા ભવિષ્ય વિશે ની માહિતી આપવી.

સ 6:- તમારા માં રહેલી બે સારી વાતો / લક્ષણો જણાવો કે જે તમારા માટે પ્રેરણારૂપ બની રહે.
-> વાંચનનો શોખ
-> વિદ્યાર્થી જોડે સારા સંબંધ કેળવવા.

સ 6:- તમારા મતે શિક્ષણ એટલે શું? આજના શિક્ષણના માહોલ વિશે તમે શું કહી શકો? કોઈ સૂચન કે સુધારો.
-> દૃશ્ય-શ્રાવ્ય સાધનનો વધુ ઉપયોગ, પ્રેક્ટિકલ, પ્રયોગિક કાર્ય, જે-તે મુદ્દાની સમજ.
-> શિક્ષણ વિદ્યાર્થીઓને બધી જ રીતે વિકાસ કરાવે અને જીવન જીવવા માટે કળા શીખવાડે તે

7:- તમારા વિષયનું સચોટ અધ્યાપન કાર્ય કરવા માટે કેવી યુક્તિ પ્રયુક્તિ કરશો.
-> ગ્રુપ ચર્ચા, રચનાત્મક મોડેલ

સવાલ ૮ :- એક શિક્ષક તરીકે તમે કેવું જીવન પસંદ કરશો
→ સાદગી પૂર્ણ જીવન અને મહત્વપૂર્ણ જીવન

સવાલ ૯ :- વિદ્યાર્થી-શિક્ષકના સંબંધ વિશે નો તમારો અનુભવ જણાવો.
→ વિદ્યાર્થી-શિક્ષક નો સંબંધ આત્મીય હોવો જોઈએ.

સવાલ 10 :- એક શિક્ષક તરીકે તમે સમાજ માટે કેવા કાર્યો કરવા ઈચ્છો છો.
→ સાક્ષરતા ની રૂઢિને શિક્ષિત કરવા અને સમાજ ના કુરિવાજો અને દૂષણો ને દૂર કરવા.

સવાલ 11 :- તમારા શિક્ષક તરીકે ના વ્યવસાયથી તમે સંતુષ્ટ છો.
→ ખૂબ જ સંતુષ્ટ છું

સવાલ 12 :- તમારા અત્યાર સુધી ના શિક્ષણ કાર્યના યાદગાર અનુભવો જણાવો.
→ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, મેળા માં રજુ કરતા શાળાના નબળા વિદ્યાર્થીઓને શિક્ષણ માં રૂચિ અભ્યાસ તરફ ફેરવવા

સવાલ 138 – તમે શિક્ષક બનવાનું શા માટે પસંદ કર્યું છે?

→ સમાજ રચના દેશ નાં વિકાસમાં વિદ્યાર્થીઓને આવતી કાલના ભવિષ્ય છે. જેને તૈયાર કરવા માટે

શંકા :- (મારો અનુભવ)